સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 13

[MARCH - 2023]
[26/03/23 to 01/04/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**26 MAR-2023**

- શ્રી લુઈસ કેફેરેલીએ 2023નો એબેલ પુરસ્કાર જીત્યો ... 02
- UN 2023 Water Conference ... 03
- United Nations World Water Development Report 2023 ... 04
- QUESTION ANSWERS ... 06

**27 MAR-2023**

- દિવસ મહિમા : 27 માર્ચ, વિશ્વ રંગભૂમિ દિવસ (World Theater Day) ... 07
- વિમેન્સ પ્રીમિયર લીગ 2023 : મુંબઈ ઈન્ડિયન્સ ચેમ્પિયન ... 07
- IBA વિમેન્સ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ 2023 ... 09
- QUESTION ANSWERS ... 11

**28 MAR-2023**

- ISROએ LUM3 રોકેટ વડે 36 ઉપગ્રહ લોન્ચ કર્યા ... 12
- ભૂ-ચૂંબકીય તોફાન (Geomagnetic Strom) ... 13
- QUESTION ANSWERS ... 16

**29 MAR-2023**

- EPFOએ નાણાકીય વર્ષ 2023 માટે વ્યાજનો દર 8.1 ટકાથી વધારી 8.15 ટકા કર્યો ... 17
- BCCIની 26 ક્રિકેટરોને 4 કેટેગરીમાં કોન્ટ્રાક્ટની જાહેરાત ... 17
- અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ (Aravalli Green Wall Project) ... 18
- QUESTION ANSWERS ... 20

**30 MAR-2023**

- દિવસ મહિમા : 30 ચૈત્ર સુદ નોમ, રામનવમી (ભગવાન શ્રી રામ જન્મદિન), શ્રી સ્વામીનારાયણ જન્મજયંતિ ... 21
- માધવપુર (ઘેડ)નો મેળો ... 21
- 2023 State of India Environment Report ... 22
- પાંચ ગ્રહોની ગોઠવણી (5 Planets Alignment) ... 23
- QUESTION ANSWERS ... 24

**31 MAR-2023**

- દિવસ મહિમા : 31 માર્ચ, World Backup Day ... 25
- ધોરડોમાં G20 : TWGની બેઠક યોજાઈ ... 25
- જાપાનની સત્તાવાર વિકાસ સહાય (Japan's Official Development Assistance) ... 26
- પ્રથમ ઈન્ટરનેશનલ ક્વોન્ટમ કોમ્યુનિકેશન કોન્કલેવ ... 28
- QUESTION ANSWERS ... 29

**01 APR-2023**

- દિવસ મહિમા : 01 એપ્રિલ, RBI સ્થાપના દિવસ ... 30
- ચિનાબ રેલવે બ્રિજ (Chenab Bridge) ... 30
- AFINDEX 2023 અને ભારત-આફ્રિકા આર્મી ચીફ્સ કોન્કલેવ ... 31
- QUESTION ANSWERS ... 32

**ONE LINER** ... 33

**QUESTION OF THIS WEEK** ... 39


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી લુઈસ કેફેરેલીએ 2023નો એબેલ પુરસ્કાર જીત્યો

શ્રી લુઈસ કેફેરેલીએ બિન–રેખીય આંશિક વિભેદક સમીકરણો માટે નિયમિતતા સિદ્ધાંતમાં તેમના યોગદાન માટે વર્ષ 2023નો એબેલ પુરસ્કાર જીત્યો છે.

- જેમાં ફ્રી–બાઉન્ડ્રી સમસ્યાઓ અથવા મુક્ત–સીમા સમસ્યાઓ અને મોંગે–એમ્પીયર સમીકરણ સામેલ છે.
- આર્જેન્ટિના–અમેરિકન ગણિતશાસ્ત્રી શ્રી લુઈસ કેફેરેલીએ ગણિતના ઘણા ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.



### શ્રી લુઈસ કેફેરેલી

શ્રી લુઈસ એક પ્રતિષ્ઠિત ગણિતશાસ્ત્રી છે.

- તેમનો જન્મ 8 ડિસેમ્બર, 1948ના રોજ આર્જેન્ટિનાના બ્યુનોસ એરેસ ખાતે થયો હતો.
- તેઓ 1971માં યુનિવર્સિટી ઓફ બ્યુનોસ એરેસમાંથી સ્નાતક થયા હતા અને 1974માં શિકાગો યુનિવર્સિટીમાંથી પીએચડી કર્યું હતું.
- હાલમાં તેઓ ઓસ્ટિન ખાતે યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાં ગણિતમાં પ્રોફેસર છે.
- આંશિક વિભેદક સમીકરણો, વિવિધતાઓની ગણતરી અને મુક્ત સીમા સમસ્યાઓ સહિત ગણિતના ઘણા ક્ષેત્રો પર કેફેરેલીના કાર્યની નોંધપાત્ર અસર પડી છે.
- તેઓ આંશિક વિભેદક સમીકરણોના ઉકેલોની નિયમિતતા પરના તેમના કાર્ય માટે જાણીતા છે.
- તેમના સંશોધને બિન–રેખીય લંબગોળ અને પેરાબોલિક સમીકરણોના ઉકેલોની નિયમિતતા પર મૂળભૂત પરિણામો સ્થાપિત કરવામાં મદદ કરી હતી.
- તેમણે મુક્ત સીમા સમસ્યાઓના અભ્યાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.
- ફ્રી બાઉન્ડ્રી સમસ્યાઓ વિવિધ સંદર્ભોમાં ઊભી થાય છે, જેમાં દ્રવ્ય મિકેનિક્સ, સામગ્રી વિજ્ઞાન અને ફાઈનાન્સનો સમાવેશ થાય છે.

### એબેલ પુરસ્કાર

નોર્વેના રાજા એબેલ પુરસ્કાર રજૂ કરે છે અને તે ગણિતના ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કરનાર વ્યક્તિને વાર્ષિક ધોરણે આપવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ પુરસ્કારનું નામ નોર્વેના પ્રખ્યાત ગણિતશાસ્ત્રી નીલ્સ હેનરિક એબેલના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ પુરસ્કારે પ્રસિદ્ધ નોબેલ પુરસ્કારમાંથી પ્રેરણા લીધી છે. નોબેલ પુરસ્કારમાં ગણિત માટે કોઈ વિભાગ નથી, જોકે કેટલાક ગણિતશાસ્ત્રીઓએ અન્યક્ષેત્રોમાં આ પ્રતિષ્ઠિત પુરસ્કાર જીત્યો છે.
- એબેલ પુરસ્કારની સ્થાપના વર્ષ 2002માં કરવામાં આવી હતી. પરંતુ સૌપ્રથમ વર્ષ 2003માં ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી જીન–પિયર સેરેને બીજગણિત ભૂમિતિ, ટોપોલોજી અને નંબર થિયરીમાં તેમના યોગદાન માટે એનાયત કરવામાં આવ્યો હતો.
- આ એવોર્ડ અંતર્ગત 7.5 મિલિયન નોર્વેજીયન ક્રોનરની રકમ આપવામાં આવે છે.

## UN 2023 Water Conference

યુનાઈટેડ નેશન્સ 2023 વોટર કોન્ફરન્સ (સંયુક્ત રાષ્ટ્ર જળ સંમેલન)નું અમેરિકાના ન્યુયોર્કમાં 22 થી 24 માર્ચ 2023 દરમિયાન આયોજન થયું હતું.

- આ વોટર કોન્ફરન્સ વૈશ્વિક જળ કટોકટીના સફળ પ્રતિસાદ સાથે સમાપ્ત થઈ હતી.
- જેમાં સરકારો, વ્યવસાયો અને નાગરિક સમાજ જળ એજન્ડાને આગળ વધારવા માટે અબજો ડોલર પ્રતિબદ્ધ કરે છે.
- લગભગ 10,000 સહભાગીઓ 22 થી 24 માર્ચ 2023 દરમિયાન યુએન હેડક્વાર્ટર ખાતે અને ઓનલાઈન એકત્ર થયા હતા.




- જેથી પાણીની કટોકટીનો સામનો કરવા અને બધા માટે પાણીની સમાન સુલભતા સુનિશ્ચિત કરવા માટે તાકીદે પગલા લેવામાં આવે.
- આ કોન્ફરન્સનું તાજિકિસ્તાન અને નેધરલેન્ડ દ્વારા સહ–આયોજન કરવામાં આવ્યું હતું.
- આર્જેન્ટિનાના માર ડેલ પ્લાટામાં 1977માં યોજાયેલ કોન્ફરન્સ પછી પાણીને સમર્પિત આ બીજી યુએન કોન્ફરન્સ હતી.
- કોન્ફરન્સ પાણી પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરે છે, જે આરોગ્ય, ખોરાક, લિંગ સમાનતા, શિક્ષણ, આજિવિકા, ઉદ્યોગ, આબોહવા અને પર્યાવરણ સહિત 17 ટકાઉ વિકાસ લક્ષ્યોમાંથી ઘણા માટે નિર્ણાયક પાયો છે.
- યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ 6 મુજબ યુનાઈટેડ નેશન્સ 2023 વોટર કોન્ફરન્સ બધા માટે પાણી અને સ્વચ્છતાના ટકાઉ વ્યવસ્થાપનને સુનિશ્ચિત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે.
- આ કોન્ફરન્સમાં 700થી વધુ પ્રતિબદ્ધતાઓ કરવામાં આવી હતી.

## વૈશ્વિક જળ સંકટ

વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન મુજબ લગભગ 3.6 અબજ લોકો દર વર્ષે ઓછામાં એક મહિના માટે તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતું પાણી મેળવવા માટે સંઘર્ષ કરે છે.

- સલામત પાણી, સ્વચ્છતા અને સ્વચ્છતા સુધી પહોંચ એ આરોગ્ય અને સુખાકારી માટે સૌથી મૂળભૂત માનવ જરૂરિયાત છે અને જાહેર કરાયેલ માનવ અધિકાર છે.
- પરંતુ વિશ્વભરમાં હજુ પણ ઘણા બધા લોકોને પીવાના પાણીની ઉપલબ્ધતાનો અભાવ છે.
- એક અહેવાલ મુજબ વર્ષ 2050 સુધીમાં 87 જેટલા દેશો પાણીથી અછતગ્રસ્ત થવાનો અંદાજ છે.
- યુએનનો અંદાજ છે કે વર્ષ 2050 સુધીમાં ચાર અબજ લોકો પાણીની અછતથી ગંભીર રીતે પ્રભાવિત થશે, જે પાણીની વહેંચણી અંગે દેશો વચ્ચે બહુવિધ સંઘર્ષો તરફ દોરી શકે છે.

## United Nations World Water Development Report 2023

તાજેતરમાં UNએ 'United Nations World Water Development Report 2023 : Partnerships and Cooperation for Water' પ્રકાશિત કર્યો હતો.

- આ રિપોર્ટ અનુસાર ભારત 2050 સુધીમાં પાણીની અછતથી સૌથી વધુ અસરગ્રસ્ત દેશ બનવાની ધારણા છે.



## રિપોર્ટના મુખ્ય તારણો

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વૈશ્વિક સ્તરે બે અબજ લોકો પાસે પીવાનું સલામત પાણી નથી અને 3.6 અબજ લોકો પાસે સુરક્ષિત રીતે સંચાલિત સ્વચ્છતાની એક્સેસ નથી.

- અતિશય વપરાશ અને અતિવિકાસને કારણે પાણીની વધતી માંગ પાણીનો ટકાઉ ઉપયોગ, પ્રદૂષણ અને અનિયંત્રિત ગ્લોબલ વોર્મિંગને આ સંકટના મુખ્ય ચાલકો તરીકે ઓળખવામાં આવ્યા છે.
- અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે પાણીના દબાણ હેઠળ જીવતા લગભગ 80% લોકો એશિયા, ખાસ કરીને ઉત્તર પૂર્વ ચીન, ભારત અને પાકિસ્તાનમાં છે.
- પાણીની અછતનો સામનો કરી રહેલી અંદાજિત વૈશ્વિક શહેરી વસતી 2016માં 933 મિલિયનથી વધીને 2050 સુધીમાં 1.7-2.4 બિલિયન લોકો વચ્ચે થવાની ધારણા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેમાં <u>ભારત સૌથી વધુ અસરગ્રસ્ત</u> થવાનો અંદાજ છે.
- અહેવાલમાં જળ–ઊર્જા–ખાદ્ય જોડાણને પારસ્પરિક સંદર્ભમાં સંબોધવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.
- અહેવાલમાં આવા સહકારનું ઉદાહરણ <u>ભારત અને નેપાળ વચ્ચે મહાકાલી સંધિ</u> દ્વારા સ્થાપિત પારસબાઉન્ડરી જળ સહકાર વ્યવસ્થા છે.
- અહેવાલ જણાવે છે કે <u>પંચેશ્વર બહુહેતુક</u> પ્રોજેક્ટ ખૂબ મોડો આવ્યો હોવા છતા, તેણે સિંચાઈ અને પૂર નિયંત્રિત અને ઊર્જાની અછત ઘટાડવાની દૃષ્ટિએ ઘણી ફાયદાકારક અસરોને પ્રકાશિત કરી છે.

**નોંધ :** અહેવાલનું નિર્માણ <u>યુનેસ્કો વર્લ્ડ વોટર એસેસ્મેન્ટ પ્રોગ્રામ (WWAP)</u> દ્વારા <u>યુએન–વોટર પરિવાર</u> વતી સંકલિત અને પ્રકાશિત કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** તાજેતરમાં કોણે 'એબેલ પુરસ્કાર 2023 (Abel Prize-2023) જીત્યો છે ?

(A) શ્રી લુઈસ કેફેરેલી (B) શ્રી ડેનિસ લુનીસ (C) શ્રી લુઈસ પોર્નેલ (D) શ્રી ડેનિસ માર્કેન — **(A)**

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'એબેલ પુરસ્કાર' કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?

(A) ભૌતિકશાસ્ત્ર (B) પત્રકારત્વ (C) સમાજસેવા (D) ગણિત — **(D)**

**3.** યુનાઈટેડ નેશન્સ 2023 વોટર કોન્ફરન્સ (સંયુક્ત રાષ્ટ્ર જળ સંમેલન)નું આયોજન કયાં થયું હતું ?

(A) ટોક્યો (B) ન્યુયોર્ક (C) પેરિસ (D) લંડન — **(B)**

**4.** તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ વોટર ડેવલપમેન્ટ રિપોર્ટ 2023 બહાર પાડવામાં આવ્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ અનુસાર પાણીના દબાણ હેઠળ જીવતા લગભગ 80% લોકો એશિયા, ખાસ કરીને ઉત્તરપૂર્વ ચીન, ભારત અને પાકિસ્તાનમાં છે.
2. આ રિપોર્ટ અનુસાર 2025માં સૌથી વધુ પાણીનો સંકટ અમેરિકા અને પશ્ચિમ યુરોપમાં હશે.
3. આ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ભારત 2050 સુધીમાં પાણીની અછતથી સૌથી વધુ અસરગ્રસ્ત દેશ બનવાની ધારણા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 27 માર્ચ, વિશ્વ રંગભૂમિ દિવસ (World Theater Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 27 માર્ચના રોજ 'વિશ્વ રંગભૂમિ દિવસ' ઉજવવામાં આવે છે.

- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં થિયેટર અથવા નાટ્યકળાના મહત્ત્વ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- 'વિશ્વ રંગભૂમિ દિવસ' અથવા 'વર્લ્ડ થિયેટર ડે'ની શરૂઆત વર્ષ 1961માં ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવી હતી.
- થિયેટર માત્ર મનોરંજન પૂરું પાડતું નથી પણ એક કલા સ્વરૂપ તરીકે પણ કામ કરે છે. જે વ્યક્તિઓને શિક્ષિત અને પ્રેરણા આપે છે.
- ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જાહેર કરાયેલ વર્લ્ડ થિયેટર ડેની થીમ 'Theater and a Culture of Peace' છે.

## વિમેન્સ પ્રીમિયર લીગ 2023 : મુંબઈ ઈન્ડિયન્સ ચેમ્પિયન

4 માર્ચથી 26 માર્ચ 2023 દરમિયાન 'વિમેન્સ પ્રીમિયર લીગ' (WPL)ની પ્રથમ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.




- આ ટુર્નામેન્ટમાં 5 ટીમોએ ભાગ લીધો હતો.
- આ વિમેન્સ પ્રીમિયર લીગની ફાઈનલ મેચમાં દિલ્હી કેપિટલ્સને 7 વિકેટે હરાવી મુંબઈ ઈન્ડિયન્સ ચેમ્પિયન બન્યું છે.
- આ સાથે મુંબઈ ઈન્ડિયન્સ વિમેન્સ ટીમ પ્રથમ WPL ટુર્નામેન્ટ જીતનાર ટીમ બની છે.

### WPL 2023ની ફાઈનલ મેચ

WPL 2023ની ફાઈનલ મેચ મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે યોજાઈ હતી.

- આ ફાઈનલ મેચમાં દિલ્હી કેપિટલ્સે 20 ઓવરમાં 131 રન બનાવ્યા હતા.
- જે મુંબઈ ઈન્ડિયન્સે 19.3 ઓવરમાં 134 રન બનાવીને WPL 2023ની ટ્રોફી જીતી લીધી હતી.

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

- જેમાં ફાઈનલ મેચમાં 60 રન ફટકારનાર મુંબઈ ઈન્ડિયન્સના ખેલાડી સુશ્રી નેટ સાયવર બ્રન્ટ (અથવા નેટ સિવર બ્રન્ટ) 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યા હતા.

## WPL 2023માં પ્લેયર ઓફ ધ સીરિઝ

WPL 2023માં મુંબઈ ઈન્ડિયન્સના ખેલાડી સુશ્રી હેલી મેથ્યુસ પ્લેયર ઓફ ધ સીરિઝ બન્યા છે.

- સુશ્રી હેલી મેથ્યુસએ WPL 2023માં કુલ 271 રન ફટકાર્યા હતા. અને 16 વિકેટ ઝડપી હતી.

નોંધ : સુશ્રી હેલી ક્રિસ્ટન મેથ્યુસ બાર્બડિયનના સ્પોર્ટસવુમન છે અને તે વેસ્ટ ઈન્ડિઝ માટે ઓલરાઉન્ડર તરીકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમે છે.

## સૌથી વધુ રન અને વિકેટ

WPL 2023માં સૌથી વધુ રન દિલ્હી કેપિટલ્સના ખેલાડી સુશ્રી મેગ લેનિંગએ ફટકાર્યા હતા. તેમણે કુલ 345 રન ફટકાર્યા હતા.

- જ્યારે સૌથી વધુ વિકેટ મુંબઈ ઈન્ડિયન્સના ખેલાડી સુશ્રી હેલી મેથ્યુઝએ ઝડપી હતી. તેમણે આ ટુર્નામેન્ટમાં 16 વિકેટ ઝડપી હતી.

## WPL-2023ના ખૂબ જ મહત્વના એવોર્ડ અને અચિવમેન્ટ

| ક્રમ | એવોર્ડ | વિજેતા ખેલાડી/ટીમ | ટીમનું નામ |
|---|---|---|---|
| 1 | WPL 2023 વિજેતા ટીમ | મુંબઈ ઈન્ડિયન્સ | – |
| 2 | રનર્સ ઓફ WPL 2023 | દિલ્હી કેપિટલ્સ | – |
| 3 | પ્લેયર ઓફ ધ મેચ (ફાઈનલમાં) | સુશ્રી નેટ સાયવર બ્રન્ટ | મુંબઈ ઈન્ડિયન્સ |
| 4 | પ્લેયર ઓફ ધ સીરિઝ તથા મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર | સુશ્રી હેલી મેથ્યુઝ | મુંબઈ ઈન્ડિયન્સ |
| 5 | ઓરેન્જ કેપ (સૌથી વધુ રન માટે) | સુશ્રી મેગ લેનિંગ | દિલ્હી કેપિટલ્સ |
| 6 | પર્પલ કેપ (સૌથી વધુ વિકેટ માટે) | સુશ્રી હેલી મેથ્યુઝ | મુંબઈ ઈન્ડિયન્સ |
| 7 | ફેયર પ્લે એવોર્ડ | મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ | – |
| 8 | બેસ્ટ કેચ ઓફ ધ સિઝન | સુશ્રી હરમનપ્રીત કૌર | મુંબઈ ઈન્ડિયન્સ |
| 9 | ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સિઝન | સુશ્રી યસ્તિકા ભાટિયા | મુંબઈ ઈન્ડિયન્સ |
| 10 | પાવરફુલ સ્ટ્રાઈક ઓફ ધ સિઝન | સુશ્રી સોફી ડિવાઈન | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## WPL 2023 વિશેના કેટલાંક તથ્યો

2023 વિમેન્સ પ્રીમિયર લીગ, જેને સ્પોન્સરશિપ કારણોસર TATA WPL 2023 તરીકે પણ ઓળખવામાં આવે છે.

- WPLની 2023માં યોજાયેલ આ પ્રથમ ટુર્નામેન્ટ હતી.
- WPL 2023માં કુલ પાંચ ટીમોએ ભાગ લીધો હતો. જે આ મુજબ છે : દિલ્હી કેપિટલ્સ, ગુજરાત જાયન્ટ્સ, મુંબઈ ઈન્ડિયન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને યુપી વોરિયર્સનો સમાવેશ થાય છે.
- WPL વિજેતા ટીમ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન સુશ્રી હરમનપ્રીત કૌર હતા.
- જ્યારે રનર્સ અપ દિલ્હી કેપિટલ્સના કેપ્ટન સુશ્રી મેગ લેનિંગ હતા.
- WPL 2023 વિજેતા ટીમને ટ્રોફી અને છ કરોડ રૂપિયા પ્રદાન કરવામાં આવ્યા હતા.
- જ્યારે રનર્સ–અપ ટીમ દિલ્હી કેપિટલ્સને ટ્રોફી અને ત્રણ કરોડ રૂપિયા પ્રદાન કરવામાં આવ્યા હતા.
- WPLની મેચો મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ અને નવી મુંબઈના ડીવાય પાટિલ સ્ટેડિયમમાં યોજાઈ હતી.
- WPL 2023ની પ્રથમ સિઝનની હરાજીમાં સુશ્રી સ્મૃતિ મંધના સૌથી મોંઘા પ્લેયર બન્યા હતા. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે તેમને 3.40 કરોડમાં ખરીદ્યા હતા.

## WPL

WPLનું પૂરું નામ 'વિમેન્સ પ્રીમિયર લીગ' છે. WPL એ ભારતની પ્રોફેશનલ વિમેન્સ T-20 લીગ છે.

- BCCI દ્વારા WPLની સ્થાપના કરવામાં આવી છે. તથા તેનું સંચાલન પણ BCCI કરે છે.
- વિમેન્સ પ્રીમિયર લીગનું માળખું IPLના બંધારણ પર આધારિત છે.
- વર્ષ 2023માં યોજાયેલ WPLની આ પ્રથમ ટુર્નામેન્ટ હતી.
- જેમાં મુંબઈ ઈન્ડિયન્સ ચેમ્પિયન બન્યું છે.
- BCCIનું પૂરું નામ 'બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા' છે.

## IBA વિમેન્સ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ 2023

2023 IBA વિમેન્સ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપનું આયોજન ભારતના દિલ્હીમાં કેડી જાધવ ઈન્ડોર હોલ ખાતે થયું હતું.

- વર્ષ 2023માં યોજાયેલ આ ચેમ્પિયનશિપની 13મી આવૃત્તિ હતી.
- આ 13મી આવૃત્તિમાં ભારતીય મહિલા બોક્સરોએ વિવિધ કેટેગરીમાં ચાર ગોલ્ડ મેડલ જીત્યા હતા.

- જેમાં સુશ્રી સ્વીટી બૂરા, સુશ્રી નિખત ઝરીન, સુશ્રી નીતુ ઘંઘાસ અને સુશ્રી લવલીના બોરગોહેને ગોલ્ડ મેડલ જીત્યા હતા.
- આ ચેમ્પિયનશિપની મેડલ ટેલીમાં ચાર ગોલ્ડ સાથે ભારત પ્રથમ ક્રમે હતું.
- ત્યારબાદ 3 ગોલ્ડ, 1 સિલ્વર અને 3 બ્રોન્ઝ મળીને 7 મેડલ સાથે ચીન બીજા ક્રમે હતું.

## મેડલ ટેબલ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ભારત | 4 | 0 | 0 | 4 |
| 2 | ચીન | 3 | 1 | 3 | 7 |
| 3 | રશિયા | 1 | 1 | 1 | 3 |
| 4 | ઈટાલી | 1 | 1 | 0 | 2 |
| 5 | બ્રાઝિલ | 1 | 0 | 1 | 2 |
| | મોરક્કો | 1 | 0 | 1 | 2 |

નોંધ : (1) સુશ્રી લવલીના બોરગોહેનએ 75 કિગ્રા (મધ્યમ વજન) કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

(2) સુશ્રી નીતુ ઘંઘાસએ 48 કિગ્રા (ન્યૂનતમ વજન) કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

(3) સુશ્રી સ્વીટી બૂરાએ 81 કિગ્રા (લાઈટ હેવીવેઈટ) કેટેગરીમાં ગોલ્ડ જીત્યો હતો.

(4) તથા સુશ્રી નિખત ઝરીને 50 કિગ્રા (લાઈટ ફ્લાયવેઈટ) કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

(5) IBAનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ બોક્સિંગ એસોસિએશન' છે. તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના લૌઝેન ખાતે આવેલું છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ રંગભૂમિ દિવસ' અથવા 'World Theater Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 25 માર્ચ (B) 26 માર્ચ (C) 27 માર્ચ (D) 28 માર્ચ — (C)

2. વર્ષ 2023 દરમિયાન 'WPL' અથવા 'વિમેન્સ પ્રીમિયર લીગ'ની કેટલામી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું ?
(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી — (A)

3. વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) 2023માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?
(A) 5 (B) 7 (C) 8 (D) 10 — (A)

4. WPL 2023 અથવા વિમેન્સ પ્રીમિયર લીગ 2023 વિજેતા ટીમનું નામ શું છે ?
(A) ગુજરાત જાયન્ટ્સ (B) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર
(C) દિલ્હી કેપિટલ્સ (D) મુંબઈ ઈન્ડિયન્સ — (D)

5. WPL 2023ની ફાઈનલ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે કઈ ટીમને પરાજય આપીને આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ?
(A) ગુજરાત જાયન્ટ્સ (B) યુપી વોરિયર્સ
(C) દિલ્હી કેપિટલ (D) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર — (C)

6. WPL 2023માં પ્લેયર ઓફ ધ સીરિઝ અથવા મોસ્ટ વેલ્યુએબેલ પ્લેયર એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) સુશ્રી નેટ સાયવર (B) સુશ્રી હેલી મેથ્યુઝ
(C) સુશ્રી મેગ લેનિંગ (D) સુશ્રી એમેલિયા કેર — (B)

7. તાજેતરમાં 'IBA વિમેન્સ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ 2023'નું આયોજન કયાં થયું હતું ?
(A) નિંગબો, ચીન (B) નવી દિલ્હી, ભારત
(C) ઈસ્તંબુલ, તુર્કી (D) બ્રિઝટાઉન, બાર્બાડોસ — (B)

8. 'IBA વિમેન્સ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ 2023'માં ભારતે કુલ કેટલા ગોલ્ડ જીત્યા હતા ?
(A) 4 (B) 6 (C) 8 (D) 13 — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISROએ LVM3 રોકેટ વડે 36 ઉપગ્રહ લોન્ચ કર્યા

ISROના સૌથી ભારે રોકેટ લોન્ચ વ્હીકલ માર્ક 3 (LVM 3 અથવા GSLV માર્ક 3)એ યુકે સ્થિત વનવેબના 36 ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં મૂક્યા છે.

- નોંધનીય છે કે વનવેબ ઉપગ્રહોનું આ 18મું પ્રક્ષેપણ હતું.
- વનવેબ માટે ISRO દ્વારા કરવામાં આવેલ આ બીજું લોન્ચિંગ હતું.

### LVM3-M3/Oneweb India-2 મિશન



ISROની વ્યાપારી શાખા ન્યુ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL)એ બે તબક્કામાં 72 ઉપગ્રહો લોન્ચ કરવા માટે Oneweb સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

- આ અંતર્ગત તાજેતરમાં થયેલા લોન્ચિંગ અગાઉ 23 ઓક્ટોબર, 2022ના રોજ LVM3-M2 અથવા Oneweb India-1 મિશનમાં 36 ઉપગ્રહોનો પ્રથમ સેટ લોન્ચ કરવામાં આવ્યો હતો.
- આ સાથે કોમર્શિયલ હેવી લિફ્ટ—ઓફ જગ્યામાં ભારતની યાત્રા શરૂ થઈ છે.

### વનવેબ નક્ષત્ર શું છે ?

Oneweb પ્લેનેટોરિયમ અથવા Oneweb નક્ષત્ર LEO ધ્રુવીયભ્રમણકક્ષામાં કાર્ય કરે છે.

- ઉપગ્રહો દરેક વિમાનમાં 49 ઉપગ્રહો સાથે 12 રિંગ્સ (ભ્રમણકક્ષાના વિમાનો)માં ગોઠવાયેલા છે.
- ભ્રમણકક્ષાના વિમાનો ઝુકાવ ધ્રુવો (87.9°)ની નજીક છે.
- ભ્રમણકક્ષાના વિમાનો પૃથ્વીથી 1200 કિ.મી. ઉપર છે.
- દરેક ઉપગ્રહ દર 109 મિનિટે પૃથ્વીની એક સંપૂર્ણ ચક્કર લગાવે છે.

### લોન્ચ વ્હીકલ માર્ક 3 (LVM3)

LVM3 અથવા લોન્ચ વ્હીકલ માર્ક 3 એ ભારતીય અવકાશ સંશોધન સંસ્થાનું સૌથી ભારે રોકેટ છે.

INSTITUTE FOR COMPETITIVE E

- LVM3ને અગાઉ જીઓસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ માર્ક III અથવા GSLV MK III કહેવામાં આવતું હતું.
- તે ત્રણ તબક્કાનું પ્રક્ષેપણ વાહન છે.
- જેમાં બાજુઓ પર બે નક્કર પ્રોપેલન S200 સ્ટ્રેપ–ઓન છે અને મુખ્ય સ્ટેજ L110 લિક્વિડ સ્ટેજ અને C25 ક્રાયોજેનિક સ્ટેજ ધરાવે છે.
- આ રોકેટ 4000 કિલોગ્રામ વર્ગના ઉપગ્રહોને જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (GTO)માં અને 8000 કિલોગ્રામ પેલોડને LEOમાં લોન્ચ કરવામાં સક્ષમ છે.

**નોંધ :** (1) Oneweb સાથેની આ ડીલથી ઈસરોને રૂ.1000 કરોડથી વધુની આવક થઈ છે.

(2) તે ભારતીય અવકાશ એજન્સીને તેના સૌથી મોટા રોકેટની ક્ષમતા અને વિશ્વસનીયતા દર્શાવવાની તક પણ પૂરી પાડે છે.

(3) આ વાહને અત્યાર સુધીમાં તેના તમામ મિશનમાં સફળ પ્રક્ષેપણ કર્યું છે.

## ભૂ-ચૂંબકીય તોફાન (Geomagnetic Strom)



નેશનલ ઓસોનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) અનુસાર તાજેતરમાં પૃથ્વી પર એક શક્તિશાળી ભૂ–ચૂંબકીય તોફાન અથવા જીઓમેગ્નેટિક તોફાન આવ્યું હતું. જેની તીવ્રતા G4 શ્રેણી હતી.

- G4 ગંભીરતા શ્રેણી સંભવિત રીતે બીજા ક્રમની સૌથી વધુ છે, તે પાવર ગ્રીડ માટે વ્યાપક વોલ્ટેજ નિયંત્રણ સમસ્યાનું કારણ બની શકે છે.
- તે સુરક્ષા પ્રણાલીઓને આકસ્મિક રીતે ગ્રીડની મુખ્ય વિદ્યુત અસ્ક્યામતોને ટ્રીપ કરવાનું કારણ બનાવી શકે છે.

### જીઓમેગ્નેટિક તોફાન શું છે ?

જીઓમેગ્નેટિક તોફાનને 'ચુંબકીય તોફાન' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- જીઓમેગ્નેટિક તોફાન એ ચુંબકીય પ્લાઝમા છે જે ખૂબ જ ઝડપે સૌર સપાટી પરથી બહાર નીકળે છે.
- તેઓ ચુંબકીય ઉર્જાના નિષ્કર્ષણ દરમિયાન આવે છે, જે સનસ્પોટ (સૂર્ય પરના અંધારીયા ક્ષેત્રો) સાથે સંકળાયેલા છે.
- આ તોફાન થોડી મિનિટો અથવા કલાકો સુધી ટકી શકે છે.

- આ તોફાનો '<u>સૌર પવન</u>'માં ભિન્નતાથી પરિણામે છે. જે પૃથ્વીના મેગ્નોટોસ્ફિયર, પ્લાઝમા અને તેના વાતાવરણના પ્રવાહમાં મોટા ફેરફારનું કારણ બને છે.
- ચુંબકીય તોફાનનું કારણ સંભવતઃ સૌર કોરોનાનું '<u>સૌર કોરોનલ માસ ઈજેક્શન</u>' (CME) અથવા સૌર કોરોનાના કેન્દ્રમાંથી ઉદ્ભવતા હાઈ–સ્પીડ સોલાર વિન્ડ કંરટનો '<u>કો–રોટેટિંગ ઈન્ટરેક્શન રિજન</u>' (CIR) છે.

## જીઓમેગ્નેટિક તોફાન પૃથ્વી પર કેવી રીતે અસર કરે છે ?

### અવકાશ અને હવામાન પર અસર

તમામ સૌર જ્વાળાઓ પૃથ્વી સુધી પહોંચતી નથી.

- પરંતુ સૌર જ્વાળાઓ/ તોફાન, સૌર ઉર્જા યુક્ત કણો (SEPS), હાઈ–સ્પીડ સોલાર વિન્ડ્સ અને કોરોનલ માસ ઈજેક્શન (CMEs) પૃથ્વીની નજીકના અવકાશમાં અને ઉપરના વાતાવરણમાં અવકાશના હવામાનને અસર કરી શકે છે.

### અવકાશ આધારિત સેવાઓના સંચાલન પર અસર

સૌર તોફાન GPS, રેડિયો અને સેટેલાઈટ સંચાર જેવી અવકાશ સેવાઓના સંચાલનને પણ અસર કરી શકે છે.

- તે એરક્રાફ્ટ ફ્લાઈટ, પાવર ગ્રીડ અને અવકાશ સંશોધન કાર્યક્રમોને અસુરક્ષિત બનાવે છે.

### મેગ્નેટોસ્ફિયરમાં સંભવિત સમસ્યા

લાખો માઈલ પ્રતિ કલાકની ઝડપથી મુસાફરી કરતા દ્રવ્યોમાંથી કોરોનલ માસ ઈજેક્શન (CMEs) સંભવિત રીતે મેગ્નેટોસ્ફિયરમાં વિક્ષેપ ઉત્પન્ન કરી શકે છે, જે પૃથ્વીની આસપાસ રક્ષણાત્મક કવચ છે.

- સ્પેસસવોક પર અવકાશયાત્રીઓ પૃથ્વીના રક્ષણાત્મક વાતાવરણની બહાર સૌર કિરણોત્સર્ગથી સંભવિત સ્વસ્થ્ય જોખમોનો સામનો કરે છે.

### આગાહી

સૌર ભૌતિકશાસ્ત્રીઓ અને અન્ય વૈજ્ઞાનિકો સામાન્ય રીતે સૌર તોફાનો અને સૌર પ્રવૃત્તિની આગાહી કરવા માટે કમ્પ્યૂટર મોડલનો ઉપયોગ કરે છે.

- વૈજ્ઞાનિકોના મતે વર્તમાન કમ્પ્યૂટર મોડલ તોફાનોના સમય અને ગતિની આગાહી કરવામાં સક્ષમ છે.
- પરંતુ તેઓ હજુ પણ તોફાનની રચના અથવા દિશાની આગાહી કરી શકતા નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) આ પહેલા પણ ઘણા સૌર તોફાનો આવ્યા છે. 2022, 1859, 1921 અને 1989માં વિશ્વમાં સૌથી ગંભીર સૌર તોફાનો આવ્યા હતા.

(2) <u>1859</u>ના જીઓમેગ્નેટિક તોફાનને '<u>કેરિંગ્ટન હરિકેન</u>' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે અત્યાર સુધીનું સૌથી મોટું જીઓમેગ્નેટિક તોફાન હતું.

(3) કોરોનલ માસ ઈજેક્શન સુર્યની સપાટી પરથી સૌથી મોટા ઈજેક્શન પૈકીનું એક છે અને તેમાં એક અબજ ટન દ્રવ્યનો સમાવેશ થાય છે જે કલાકના કેટલાક મિલિયન માઈલની ઝડપે અવકાશમાં પ્રવેશ કરે છે. તે આંતરગ્રાહીય માધ્યમથી આગળ વધે છે અને તેના માર્ગમાં આવતી કોઈપણ વસ્તુને અસર કરવાની ક્ષમતા ધરાવે છે, પછી તે ગ્રહ હોય કે અવકાશયાન હોય.




1. ISROએ તાજેતરમાં તેમના કયા રોકેટ દ્વારા Onewebના 36 ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં મૂક્યા હતા ?

(A) MLV-3 (B) LVM-3 (C) PLV-3 (D) PSLV-3 **(B)**

2. ISROએ તાજેતરમાં તેના 'લોન્ચ વ્હીકલ માર્ક 3' (LVM3) દ્વારા Onewebના 36 ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં મૂક્યા છે. આ LVM3 વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. LVM3 અથવા લોન્ચ વ્હીકલ માર્ક 3 એ ISROનું સૌથી ભારે રોકેટ છે.
2. LVM3ને અગાઉ જીઓસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ માર્ક III અથવા GSLV MK III તરીકે ઓળખવામાં આવતું હતું.
3. તે ત્રણ તબક્કાનું પ્રક્ષેપણ વાહન છે.
4. જેમાં બાજુઓ પર બે નક્કર પ્રોપેલન S200 સ્ટ્રેપ ઓન છે અને મુખ્ય સ્ટેજ L110 લિક્વિડ સ્ટેજ અને C25 ક્રાયોજેનિક સ્ટેજ ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'જીઓમેગ્નેટિક તોફાન' (Geomagnetic Strom) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. જીઓમેગ્નેટિક તોફાનને 'ચુંબકીય તોફાન' તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. જીઓમેગ્નેટિક તોફાન એ ચુંબકીય પ્લાઝમા છે જે ખૂબ જ ઝડપે સૌર સપાટી પરથી બહાર નીકળે છે. તે ચૂંબકીય ઊર્જાના નિષ્કર્ષણ દરમિયાન આવે છે, જે સનસ્પોર્ટ (સૂર્ય પરના અંધારિયા ક્ષેત્રો) સાથે સંકળાયેલા છે.
3. આ તોફાનો થોડી મિનિટો અથવા કલાકો સુધી ટકી શકે છે. તથા તોફાનો 'સૌર પવન'માં ભિન્નતાથી પરિણામે છે. જે પૃથ્વીના મેગ્નેટોસ્ફિયર, પ્લાઝમા અને તેના વાતાવરણના પ્રવાહમાં મોટા ફેરફારનું કારણ બને છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## EPFOએ નાણાકીય વર્ષ 2023 માટે વ્યાજનો દર 8.1 ટકાથી વધારી 8.15 ટકા કર્યો

EPFOની તાજેતરની બેઠકમાં CBTએ 'કર્મચારી ભવિષ્ય નિધિ (EPF) પર નાણાકીય વર્ષ 2022-23 માટે 8.15 ટકાનો વ્યાજદર ચૂકવવાનો નિર્ણય કર્યો છે.

- નોંધનીય છે કે નાણાકીય વર્ષ 2021-22માં EPFOએ પોતાના લગભગ પાંચ કરોડ EPF ખાતાધારકો માટે વ્યાજનો દર ઘટાડીને ચાર દાયકાના નીચલા સ્તર 8.10 ટકા પર લાવી દીધો હતો.
- CBT એટલે કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ એ EPFOની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે.

### EPFO

EPFOનું પૂરું નામ 'Employees Provident Fund Organisation' છે.

- તે એક સરકારી સંસ્થા છે જે સભ્ય કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ અને પેન્શન એકાઉન્ટ્સનું સંચાલન કરે છે.
- તથા કર્મચારી ભવિષ્ય નિધિ અને વિવિધ જોગવાઈઓ અધિનિયમ, 1952 (Employee Provident Fund and Miscellanious Provisions Act, 1952)ને લાગુ કરે છે.
- કર્મચારી ભવિષ્ય નિધિ અને વિવિધ જોગવાઈઓ અધિનિયમ, 1952 ફેક્ટરીઓ અને અન્ય સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડ સંસ્થા તરીકે કાર્ય કરે છે.
- આ સંગઠન ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા સંચાલિત છે.
- સભ્યો અને નાણાકીય વ્યવહારોની દૃષ્ટિએ તે વિશ્વની સૌથી મોટી સંસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BCCIની 26 ક્રિકેટરોને 4 કેટેગરીમાં કોન્ટ્રાક્ટની જાહેરાત

તાજેતરમાં BCCIએ 2022-23ની સીઝન માટે ક્રિકેટરોના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી હતી.

- આ અંતર્ગત A+, A, B અને C એમ 4 કેટેગરીમાં 26 ક્રિકેટરોનો સમાવેશ થયો છે.
- આ 26 ક્રિકેટરોને કેટેગરી પ્રમાણે નીચે મુજબ રકમ મળશે :

| ક્રમ | કેટેગરી | વાર્ષિક ફી રૂપિયામાં | ક્રિકેટરનું નામ |
|---|---|---|---|
| 1. | A પ્લસ | 7 કરોડ | શ્રી રોહિત શર્મા, શ્રી વિરાટ કોહલી, શ્રી જસપ્રીત બુમરાહ, શ્રી રવિન્દ્ર જાડેજા |
| 2. | A | 5 કરોડ | શ્રી હાર્દિક પંડ્યા, શ્રી આર. અશ્વિન, શ્રી મોહમ્મદ શામી, શ્રી રિષભ પંત, શ્રી અક્ષર પટેલ |
| 3. | B | 3 કરોડ | શ્રી ચેતેશ્વર પુજારા, શ્રી કે.એલ. રાહુલ, શ્રી શ્રેયસ અય્યર, શ્રી મહમ્મદ સિરાજ, શ્રી સૂર્યકુમાર યાદવ, શ્રી શુભમન ગિલ |
| 4. | C | 1 કરોડ | શ્રી ઉમેશ યાદવ, શ્રી શિખર ધવન, શ્રી શાર્દુલ ઠાકુર, શ્રી ઈશાન કિશન, શ્રી દીપક હુડ્ડા, શ્રી યુઝવેન્દ્ર ચહલ, શ્રી કુલદીપ યાદવ, શ્રી વોશિંગ્ટન સુંદર, શ્રી સંજુ સેમસન, શ્રી અર્શદીપ સિંહ શ્રી કે.એસ.ભરત |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) BCCIએ નવા કોન્ટ્રાક્ટની યાદીમાં સાત ખેલાડીઓને બહાર કર્યા છે. જેમાં અનુભવી બેટ્સમેન શ્રી અજિંક્ય રહાણે, શ્રી ભૂવનેશ્વર કુમાર, શ્રી ઈશાંત શર્મા, શ્રી મયંક અગ્રવાલ સહીતના ખેલાડીને બહાર કર્યા છે.

(2) BCCIનું પૂરું નામ 'Board of Control for Cricket in India' છે.

## અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ (Aravalli Green Wall Project)

25 માર્ચ, 2023ના રોજ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.



- તેમજ વનીકરણ દરમિયાનગીરીઓ દ્વારા રણ અને જમીનના અધોગતિની સમસ્યાને ઉકેલવા માટે રાષ્ટ્રીય કાર્ય યોજનાનું અનાવરણ કર્યુ હતું.

## અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ

અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ એ હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને દિલ્હી રાજ્યોને આવરી લેતી અરવલ્લી પર્વતમાળાની આસપાસ 1400 કિલોમીટર લાંબો અને 5 કિલોમીટર પહોળો ગ્રીન બેલ્ટ બફર બનાવવાની મહત્વાકાંક્ષી યોજના છે.

- પ્રથમ તબક્કામાં, અરવલ્લી લેન્ડસ્કેપના દરેક જિલ્લામાં પાંચ જળાશયોથી શરૂ કરીને 75 જળાશયોને પુનર્જીવિત કરવામાં આવશે.
- તે હરિયાણાના ગુડગાંવ, ફરીદાબાદ, ભિવાની, મહેન્દ્રગઢ અને રેવાડી જિલ્લાઓમાં અધોગતિગ્રસ્ત જમીનને આવરી લેશે.
- આ યોજના આફ્રિકાના 'ગ્રેટ ગ્રીન વોલ' પ્રોજેક્ટથી પ્રેરિત છે, જે સેનેગલ (પશ્ચિમ)થી જીબુતી (પૂર્વ) સુધી વિસ્તરેલી છે. તે વર્ષ 2007માં અમલમાં આવી હતી.

## અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટનો ઉદ્દેશ



અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય અરવલ્લી શ્રેણીના પર્યાવરણીય સ્વાસ્થ્યને સુધારવા, જમીનના અધોગતિને અટકાવવા, થારના રણને પૂર્વ તરફના વિસ્તરણને નિયંત્રિત કરવાનો, જૈવવિવિધતામાં સુધારો, આબોહવા પરિવર્તનને ઘટાડવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

- પોરબંદરથી પાણીપત સુધી ગ્રીન બેલ્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે અરવલ્લી પર્વતમાળામાં વનીકરણ દ્વારા બંજર જમીનને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે.
- આ ઉપરાંત તે પશ્ચિમ ભારત અને પાકિસ્તાનના રણમાંથી આવતી ધૂળના અવરોધ તરીકે પણ કામ કરશે.
- તે વનીકરણ, કૃષિ–વનીકરણ અને જળ સંરક્ષણ પ્રવૃત્તિઓમાં સ્થાનિક સમુદાયોની ભાગીદારી ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપી શકે છે.
- આ ઉપરાંત તે આવક અને રોજગારીની તકો ઉત્પન્ન કરવામાં, ખાદ્ય સુરક્ષામાં સુધારો કરવામાં અને સામાજિક લાભો પ્રદાન કરવામાં મદદ કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. EPFOએ તાજેતરમાં નાણાકીય વર્ષ 2023 માટે વ્યાજનો દર 8.1 ટકાથી વધારીને _____ કર્યો છે.

(A) 8.15 (B) 9.20 (C) 10.2 (D) 12.1 — **(A)**

2. BCCI દ્વારા તાજેતરમાં ભારતીય ક્રિકેટરો માટે ચાર કેટેગરીમાં સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરવામાં આવી છે. આ ચાર કેટેગરીમાંથી નીચેનામાંથી કઈ કેટેગરીનો સમાવેશ થતો નથી ?

(A) A પ્લસ (B) B (C) B પ્લસ (D) C — **(C)**

3. BCCI દ્વારા ભારતીય ક્રિકેટરોને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ અંતર્ગત ચાર કેટેગરીમાં અપાતી રકમના સંદર્ભમાં નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?

(A) A પ્લસ – 7 કરોડ રૂપિયા (B) A – 5 કરોડ રૂપિયા

(C) B – 3 કરોડ રૂપિયા (D) C – 2 કરોડ રૂપિયા — **(D)**

4. BCCI દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ અનુસાર સૌથી ઊંચી A પ્લસ કેટેગરીમાં નીચેનામાંથી કયા ક્રિકેટરનો સમાવેશ થતો નથી ?

(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી રોહિત શર્મા

(C) શ્રી હાર્દિક પંડ્યા (D) શ્રી જસપ્રીત બુમરાહ — **(C)**

5. તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે 'અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ'નું ઉદ્દ્ઘાટન કર્યુ હતું. આ અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને દિલ્હી રાજ્યોને આવરી લેતી અરવલ્લી પર્વતમાળાની આસપાસ 1400 કિ.મી. લાંબો અને 5 કિ.મી. પહોળો ગ્રીન બેલ્ટ બફર બનાવવાની મહત્વાકાંક્ષી યોજના છે.
2. આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ તબક્કામાં અરવલ્લી લેન્ડસ્કેપના દરેક જિલ્લામાં પાંચ જળાશયોથી શરૂ કરીને 75 જળાશયોને પુનર્જીવિત કરવામાં આવશે.
3. આ યોજનાના બીજા તબક્કામાં નાગપુરથી પાણીપત સુધી ગ્રીન બેલ્ટનું આયોજન કરવામાં આવશે.
4. આ યોજના આફ્રિકાના 'ગ્રેટ ગ્રીન વોલ' પ્રોજેક્ટથી પ્રેરિત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : ચૈત્ર સુદ નોમ, (1) રામનવમી (ભગવાન શ્રી રામ જન્મદિન)
## (2) શ્રી સ્વામીનારાયણ જન્મજયંતિ (ભગવાન શ્રી સ્વામીનારાયણ જન્મદિન)

## માધવપુર (ઘેડ)નો મેળો



ગુજરાતમાં **પોરબંદર** જિલ્લાના **પોરબંદર** તાલુકાના **માધવપુર** ખાતે દર વર્ષે **ચૈત્ર સુદ નોમ** એટલે કે **રામનવમી**ના દિવસે લગ્નોત્સવને કેન્દ્રમાં રાખીને ભક્તિ–કીર્તનનો **પાંચ દિવસ**નો માધવપુરનો મેળો ભરાય છે. જે **ચૈત્ર સુદ તેરસ**ના દિવસે પૂર્ણ થાય છે.

- આ મેળાની શરૂઆત લગભગ **તેરમી સદી**ની આસપાસ થઈ હોવાનું કહેવાય છે.
- માધવપુર ઘેડમાં ભરાતા મેળાની કથા **ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજી**નાં લગ્ન પ્રસંગની સાથે જોડાયેલ છે.
- પુરાણ કથા મુજબ રાજકુમારી રૂક્ષ્મણીજીનું ગરવા ગિરનારની ગોદમાં મહાશિવરાત્રીના દિવસે ભરાતા ભવનાથના મેળામાંથી અપહરણ કરીને ભગવાન શ્રી કૃષ્ણ માધવપુર લઈ આવ્યા હતા.
- ત્યારબાદ અહીં માધવપુરમાં તેમના લગ્ન થયા હતા. ત્યાર પછીથી તેમની યાદમાં દર વર્ષે અહીં ભારતીય શાસ્ત્રોક્ત વિધિથી લગ્નની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણી પાંચ દિવસ ચાલે છે. આ મેળાનું આયોજન અને બધી વ્યવસ્થા માધવપુરમાં આવેલા પ્રસિદ્ધ **શ્રી માંડવરાયજી મંદિર** તરફથી કરવામાં આવે છે.
- આ પ્રસંગે ગાર્ડ ઓફ ઓનર સાથે શ્રી ગોપાલ લાલજી (ભગવાન શ્રી કૃષ્ણનું) ફુલેકું નીકળે છે.
- આ ફુલેકાની ઉજવણી ત્રણ દિવસ ચાલે છે. એટલે કે આ ફુલેકુ ત્રણ દિવસ નીકળે છે.
- ત્યારબાદ જાન આગમન–સ્વાગત–લગ્નવિધિ અને કન્યાવિદાયના પ્રસંગ યોજાય છે.
- અહીં ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીનાં લગ્ન જ્યાં થયા હતા તે જગ્યા **રૂક્ષ્મણીમઠ** તરીકે ઓળખાય છે.

નોંધ : (1) અગાઉ વર્ષ 2018માં માધવપુરના મેળાને રૂક્ષ્મણીજીની ભગવાન શ્રી કૃષ્ણ સાથેની **અરુણાચલ પ્રદેશથી ગુજરાત** સુધીની ચિરંતન યાત્રાના ઉત્સવ તરીકે ઉજવવામાં આવ્યો હતો.

(2) માર્ચ 2018માં યોજાયેલા આ મેળામાં રૂક્ષ્મણીજીના પરિવારના પ્રતિનિધિ તરીકે પૂર્વોત્તરના અરુણાચલપ્રદેશ, મણિપુર વગેરે રાજ્યના 150થી વધુ લોકો ઉપસ્થિત રહયા હતા.

(3) રૂક્ષ્મણીજી અરુણાચલ પ્રદેશના ભીષ્મકનગરના રાજા ભીષ્મકના પુત્રી હોવાનું કહેવાય છે.

(4) વર્ષ 2023ના આ મેળાના ઉદ્‌ઘાટનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી શ્રી કિરણ રિજ્જુ તથા અન્ય રાજ્યના ઘણા મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

## 2023 State of India Environment Report

સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ (CSE) અને ડાઉન ટુ અર્થ (DTE) મેગેઝિને તાજેતરમાં સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ એન્વાયર્નમેન્ટ રિપોર્ટ 2023 બહાર પાડ્યો છે.



- જેમાં આબોહવા પરિવર્તન, કૃષિ અને ઉદ્યોગ તેમજ પાણી, પ્લાસ્ટિક, જંગલ અને આકારણીઓની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે.
- આ અહેવાલ આબોહવા પરિવર્તન, સ્થળાંતર, આરોગ્ય અને ખાદ્ય પ્રણાલીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

દેશમાં 30,000થી વધુ જળાશયો પર અતિક્રમણ કરવામાં આવ્યું છે.

- અને ભારત દરરોજ 150,000 ટન મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ (MSW) ઉત્પન્ન કરી રહ્યું છે, જેમાંથી અડધાથી વધુ કાં તો લેન્ડફિલ્સમાં ડમ્પ કરવામાં આવે છે અથવા તો બિનઉપયોગી રહે છે.
- ભારતમાં વાયુ પ્રદૂષણને કારણે સરેરાશ આયુષ્ય 4 વર્ષ અને 11 મહિના ઘટે છે.
- વાયુ પ્રદૂષણ સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓ શહેરી વિસ્તારો કરતા ગ્રામીણ ભારતમાં આયુષ્યના વધુ વર્ષો ઘટાડી રહી છે.
- ગ્રામીણ ભારતમાં 35% વધુ સામુદાયિક કેન્દ્રની જરૂર છે.
- ભારતમાં જાન્યુઆરી અને ઓક્ટોબર 2022 વચ્ચેના 271 દિવસોમાં ભારે હવામાનની ઘટનાઓ જોવા મળી હતી.
- આ આત્યાંતિક હવામાન ઘટનાઓને કારણે 2900 લોકોના મૃત્યુ થયા હતા.
- પ્લાસ્ટિક વેસ્ટ સમસ્યાનું પ્રમાણ હજુ પણ વિશાળ હોવા છતા ઘણી નીતિઓ અને તાકીદ યોગ્ય દિશામાં છે.
- આ અહેવાલ અનુસાર પરંપરાગત અને પુનર્જીવિત ખેતી પદ્ધતિઓની અસરકારકતાના પુરાવા કૃષિ ક્ષેત્રમાં જોઈ શકાય છે.

## પાંચ ગ્રહોની ગોઠવણી (5 Planets Alignment)




28 માર્ચ, 2023ના રોજ પાંચ ગ્રહો–બુધ, શુક્ર, મંગળ, ગુરુ અને યુરેનસ આકાશમાં એકલાઈનમાં સંરેખિત થયા હતા.

- આ ઘટનાને ઘણીવાર ગ્રહોની પરેડ અથવા સંરેખણ કહેવામાં આવે છે.
- 28 માર્ચ, 2023ના રોજ ક્ષિતિજની નીચે સૂર્યાસ્ત થયા પછી તે નરી આંખે દેખાયા હતા.
- શુક્ર સૌથી વધુ દેખાતો ગ્રહ હતો, ત્યારબાદ મંગળ આવે છે, જે લાક્ષણિક નારંગી રંગ ધરાવે છે.
- યુરેનસ શુક્રની નજીક હતો, પરંતુ તેને યોગ્ય સાધનો વિના જોવો પડકારજનક હતો.
- જ્યારે બુધ અને ગુરુ સૌથી નીચે દેખાયા હતા.
- છેલ્લી વખત આ પાંચ ગ્રહો 2004માં ગોઠવાયા હતા.
- નિષ્ણાતોએ ધ્યાન દોર્યું હતું કે સંરેખણમાં અમુક ગ્રહોની દૃશ્યતા અમુક પરિસ્થિતિઓ પર આધારિત છે, જેમ કે પ્રકાશ પ્રદૂષણ અને દર્શકની સ્થિતિ.

નોંધ : (1) જૂન 2022માં સમાન સંરેખણ થયું હતું, જ્યાં પાંચ ગ્રહો–બુધ, શુક્ર, મંગળ, ગુરુ અને શનિ સંરેખિત હતા. જો કે આ સંરેખણ 2040 સુધી ફરીથી થશે નહીં.

(2) પ્રકાશ પ્રદૂષણ એ કૃત્રિમ પ્રકાશનો વધુ પડતો ઉપયોગ છે જે રાત્રિના આકાશને તેજસ્વી બનાવે છે અને કુદરતી અંધકારને વિક્ષેપિત કરે છે. જે અવકાશી પદાર્થોની અવલોકન ક્ષમતાને અસર કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં રામનવમી તથા શ્રી સ્વામીનારાયણ જયંતિ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) ચૈત્ર સુદ નોમ (B) ચૈત્ર વદ નોમ (C) વૈશાખ સુદ નોમ (D) વૈશાખ વદ નોમ

(A)

2. ગુજરાતમાં દર વર્ષે કયા સમય દરમિયાન માધવપુર ઘેડનો પ્રસિદ્ધ મેળો ભરાય છે ?

(A) ચૈત્ર વદ નોમથી ચૈત્ર વદ તેરસ (B) ચૈત્ર વદ પાંચમથી ચૈત્ર વદ અગિયારસ

(C) ચૈત્ર સુદ પાંચમથી ચૈત્ર સુદ અગિયારસ (D) ચૈત્ર સુદ નોમથી ચૈત્ર સુદ તેરસ

(D)

3. ગુજરાતમાં દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્નપ્રસંગની ઉજવણીનો ભવ્ય મેળો કઈ જગ્યાએ યોજાય છે ?

(A) ડાકોર (B) દ્વારકા (C) મહેમદાવાદ (D) માધવપુર ઘેડ

(D)

4. ગુજરાતમાં ચૈત્રમાસમાં જ્યાં લગ્ન પ્રસંગ અંગે પ્રસિદ્ધ મેળો ભરાય છે તે માધવપુર ઘેડ ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?

(A) ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકામાં (B) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં

(C) પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકામાં (D) પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકામાં

(D)

5. 2023 State of India Environment Report વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ (CSE) અને ડાઉન ટુ અર્થ (DTE) મેગેઝિન દ્વારા આ રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.

(B) આ રિપોર્ટ અનુસાર 30,000થી વધુ જળાશયો પર અતિક્રમણ કરવામાં આવ્યું છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા

(C)

6. 28 માર્ચ, 2023ના રોજ પાંચ ગ્રહો આકાશમાં એક લાઈનમાં સંરેખિત થયા હતા. આ પાંચ ગ્રહોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) બુધ (B) શુક્ર (C) મંગળ (D) પ્લૂટો

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 31 માર્ચ, World Backup Day




કમ્પ્યૂટર તથા સ્માર્ટ ફોનમાં રહેલા પર્સનલ તથા પ્રોફેશનલ ડેટાની સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે વિશ્વના કેટલાંક દેશોમાં દર વર્ષે 31 માર્ચના રોજ 'World Backup Day'ની ઉજવણી કરવામાં આવે છે.

- આજનો માનવી દિવસેને દિવસે ટેક્નોલોજી પર વધુ નિર્ભર થતો જાય છે. આથી, વર્તમાન સમયે ડિજિટલ ડોક્યુમેન્ટની સુરક્ષા ખૂબ જ અગત્યનો મુદ્દો છે.
- 31 માર્ચના રોજ 'વર્લ્ડ બેકઅપ ડે'ની ઉજવણી દ્વારા આ દિવસ, કોઈ દુર્ઘટનાને કારણે ડેટા લોસ થઈ જાય એ પહેલાં જ તેનું બેકઅપ લેવાની યાદ અપાવે છે.

## ધોરડોમાં G20 : TWGની બેઠક યોજાઈ



ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારતના યજમાન પદે યોજાઈ રહેલી G20 પ્રેસીડેન્સીની ટુરિઝમ વર્કિંગ ગ્રુપ (TWG)ની પ્રથમ બેઠકનો કચ્છના ધોરડોથી પ્રારંભ કરાવ્યો હતો.

- આ પ્રસંગે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે TWG બેઠકના સામૂહિક ચિંતનથી ટુરિઝમ સેક્ટરને નવી દિશા અને ઊર્જા મળશે.
- પ્રવાસન એક એવું ક્ષેત્ર છે, જ્યાં ઓછા મૂડીરોકાણથી વધુ રોજગારના અવસરો ઉભા કરી શકાય છે.
- આ સાથે, તેની સાથે સંલગ્ન નાના–મોટા વેપાર ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળે છે.

### G20 દ્વારા પ્રવાસન ક્ષેત્રમાં હસ્તક્ષેપ

ભારતની G20 પ્રેસિડેન્સીમાં પર્યટન માટે 5 પરસ્પર સંબંધિત પ્રાથમિકતા ક્ષેત્રો છે. જે આ મુજબ છે :

(1) પ્રવાસન ક્ષેત્રનું કાયાકલ્પ

(2) ડિજિટલાઈઝેશનની શક્તિનો ઉપયોગ

(3) કૌશલ્ય સાથે યુવાનોને સશક્તિકરણ

(4) પ્રવાસન MSME/સ્ટાર્ટઅપ્સનો પ્રચાર

(5) લક્ષ્યોના વ્યૂહાત્મક સંચાલન પર પુનર્વિચાર

- આ ઉપરાંત G20 ફોરમ દ્વારા ઘણી પ્રાથમિકતાઓમાંની એક એ છે કે 2030 સુધીમાં ટકાઉ વિકાસ લક્ષ્યો (SDG) કેવી રીતે હાંસલ કરવા તે અંગે સર્વસંમતિ સુધી પહોંચવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેના ભાગરૂપે ટકાઉ પ્રવાસન પર ભાર મૂકવામાં આવશે જે માત્ર પર્યાવરણ માટે જ નહીં પરંતુ સ્થાનિક સાહસો માટે તકો ઉભી કરવા માટે પણ મહત્વપૂર્ણ છે.
- G20 ઈવેન્ટ્સ માટે પસંદ કરાયેલા વિવિધ સ્થળો ગ્રામીણ પ્રવાસન (લાડપુરા ખાસ ગામ, મધ્યપ્રદેશ), પુરાતત્વીય પ્રવાસન (ધોળાવીરા) અને ઈકો ટુરિઝમ (ખોનોમા ગામ, નાગાલેન્ડ) વગેરે જેવા વિવિધ ક્ષેત્રોને આવરી લેશે.
- આ ઉપરાંત G20 અધ્યક્ષ પદનો લાભ લેવા માટે 3 મેગા પ્રવાસન સંબંધિત કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.
- તેમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ, MICE કન્વેન્શન અને એપ્રિલ 2023માં વર્લ્ડ ટુરિઝમ સીઈઓ ફોરમની બેઠકનો સમાવેશ થાય છે.

## વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ

TWGની બેઠક દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગેટ વે ટુ રણ રિસોર્ટના કોન્ફરન્સ હોલ, ડાઈનિંગ હોલ તેમજ એપ્રોચ રોડનું લોકાર્પણ કર્યુ હતું.

- ગેટ વે ટુ રણ રિસોર્ટમાં નવનિર્મિત અદ્યતન કોન્ફરન્સ હોલ ધોરડો ખાતેના વિવિધ આયોજનો સમયે મહત્વનો બની રહેશે.
- આ રિસોર્ટનું સંચાલન ધોરડો ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવે છે.

નોંધ : (1) આ બેઠક દરમિયાન G20 સભ્ય દેશો, આમંત્રિત દેશો તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વરિષ્ઠ પ્રતિનિધિઓએ ધોળાવીરાની મુલાકાત કરી હતી.
(2) આ ઉપરાંત ધોરડો ખાતે કચ્છીકલા અને સંસ્કૃતિના રંગારંગ કાર્યક્રમનું આયોજન થયું હતું.
(3) બેઠકના ત્રીજા દિવસે ધોરડો ખાતે યોગ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## જાપાનની સત્તાવાર વિકાસ સહાય (Japan's Official Development Assistance)

તાજેતરમાં જાપાને ભારતમાં કેટલાક મોટા પ્રોજેક્ટ માટે અધિકૃત વિકાસ સહાય (Official Development Assistance - ODA)ને મંજૂરી આપી છે.



- ભારત અને જાપાન 1958થી દ્વિપક્ષીય વિકાસ સહયોગનો નોંધપાત્ર હિસ્સો ધરાવે છે.
- નોંધનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત અને જાપાન વચ્ચે આર્થિક સહયોગમાં સતત વધારો થયો છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સત્તાવાર વિકાસ સહાય હેઠળના મુખ્ય પ્રોજેક્ટ

સત્તાવાર વિકાસ સહાય હેઠળના મુખ્ય પ્રોજેક્ટ નીચે મુજબ છે :

(1) પટના મેટ્રો રેલ બાંધકામ પ્રોજેક્ટ

(2) પશ્ચિમ બંગાળમાં વન અને જૈવવિવિધતા સંરક્ષણ

(3) રાજસ્થાન જળ ક્ષેત્ર આજીવિકા સુધારણા પ્રોજેક્ટ

## પટના મેટ્રો રેલ બાંધકામ પ્રોજેક્ટ

પટના મેટ્રો રેલ કન્ટ્રક્શન પ્રોજેક્ટ (I) માટે રૂ.5,509 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

- તેનો હેતુ નવા મેટ્રો કોરિડોર બનાવીને પટનામાં વધતી જતી ટ્રાફિક માંગને પહોંચી વળવાનો છે.
- જેનાથી વાતાવરણમાં સુધારો અને અર્થવ્યવસ્થાના વિકાસની સાથે આબોહવા પરિવર્તન ઘટાડવામાં મદદ મળશે.

## પશ્ચિમ બંગાળમાં વન અને જૈવવિવિધતા સંરક્ષણ

આબોહવા પરિવર્તનના પ્રતિભાવ માટે પશ્ચિમ બંગાળમાં વન અને જૈવવિવિધતા સંરક્ષણ પ્રોજેક્ટ માટે લગભગ રૂ.520 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

- તેનો ઉદ્દેશ્ય આબોહવા પરિવર્તનને ઘટાડવા અને અનુકૂલન કરવાનો, ઈકોસિસ્ટમ આધારિત આબોહવા પરિવર્તનના પગલા, જૈવવિવિધતા સંરક્ષણ અને પુનઃસંગ્રહ દ્વારા ઈકોસિસ્ટમનું સંરક્ષણ અને પુનઃસ્થાપિત કરવાનો છે.
- જેથી રાજ્યમાં ટકાઉ સામાજિક–આર્થિક વિકાસમાં યોગદાન આપી શકાય.

## રાજસ્થાન જળ ક્ષેત્ર આજીવિકા સુધારણા પ્રોજેક્ટ

રાજસ્થાન વોટર સેક્ટર લાઈવલીહુડ ઈમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ (2) માટે રૂ.1,055.53 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

- હાલની સિંચાઈ સુવિધાઓ અને કૃષિ સહાયક સેવાઓમાં સુધારણા દ્વારા પાણીના ઉપયોગની કાર્યક્ષમતા અને કૃષિ ઉત્પાદકતામાં સુધારો કરીને ખેડૂતોની આજીવિકા સુધારવા તેમજ રાજ્યમાં કૃષિ અને સિંચાઈ ક્ષેત્રમાં મહિલાઓની ભૂમિકાને પ્રોત્સાહન આપવાનો હેતુ છે.

નોંધ : (1) દિલ્હી મેટ્રો દ્વારા ODAનો ઉપયોગ એ જાપાનીઝ સહયોગનું સૌથી સફળ ઉદાહરણ છે.

(2) ભારતના વેસ્ટર્ન ડેડિકેટેક ફ્રેઈડ કોરિડોર (DFC) પ્રોજેક્ટ માટે, જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સીએ આર્થિક ભાગીદારી (STEP) માટે વિશેષ શરતો હેઠળ સોફ્ટ લોન પ્રદાન કરી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) તેમજ જાપાન અને ભારત જાપાનની શિંકનસેન સિસ્ટમનો ઉપયોગ કરીને ભારતમાં હાઈ–સ્પીડ રેલવે બનાવવા માટે સંમત થયા હતા.

(4) ભારત–જાપાન પરમાણુ કરાર 2016 ભારતને દક્ષિણ ભારતમાં છ પરમાણુ રિએક્ટર બનાવવામાં મદદ કરશે, જે વર્ષ 2032 સુધીમાં પરમાણુ ઊર્જા ક્ષમતામાં દસ ગણો વધારો કરશે.

## પ્રથમ ઈન્ટરનેશનલ ક્વોન્ટમ કોમ્યુનિકેશન કોન્કલેવ

ટેલિકોમ ટેક્નોલોજી અને ધોરણોના વિકાસમાં ભારતને અગ્રેસર બનાવવાના વિઝન સાથે ટેલિકોમ વિભાગે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે 27-28 માર્ચ 2023ના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય ક્વોન્ટમ કોમ્યુનિકેશન કોન્કલેવ'નું આયોજન કર્યુ હતું.

- 27 માર્ચ 2023ના રોજ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને સંચાર રાજ્ય મંત્રી શ્રી દેવસિંહ ચૌહાણ દ્વારા કોન્કલેવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- આ કોન્કલેવનું આયોજન CDOT, ટેલિકોમ સ્ટાન્ડર્ડ્સ ડેવલપમેન્ટ સોસાયટી ઈન્ડિયા (TSDSI) અને IEEE કોમ્યુનિકેશન સોસાયટી–દિલ્હી ચેપ્ટરના સહયોગથી કરવામાં આવ્યું હતું.
- આ કોન્કલેવનો ઉદ્દેશ ક્વોન્ટમ કોમ્યુનિકેશન ટેક્નોલોજીમાં નવીનતમ એડવાન્સિસ વિશે જાણવાની ઉત્તમ તક પૂરી પાડવાનો હતો.
- ઈવેન્ટ દરમિયાન 'ટેસ્ટ ગાઈડ ઓફ ક્વોન્ટમ કી ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ' અને 'ક્વોન્ટમ–સેફ એન્ડ ક્લાસિકલ ક્રિપ્ટોગ્રાફી સિસ્ટમ' માટેના ધોરણો બહાર પાડવામાં આવ્યા હતા.



**1.** 'World Backup Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 માર્ચ (B) 29 માર્ચ (C) 30 માર્ચ (D) 31 માર્ચ **(D)**

**2.** તાજેતરમાં ગુજરાતમાં કયા સ્થળે G20 પ્રેસિડેન્સીની ટુરિઝમ વર્કિંગ ગ્રુપ (TWG)ની પ્રથમ બેઠક યોજાઈ હતી ?

(A) ધોરડો, કચ્છ (B) વડોદરા

(C) અડાલજ, ગાંધીનગર (D) સુરત **(A)**

**3.** તાજેતરમાં જાપાને ભારતમાં કેટલાક મોટા પ્રોજેક્ટ માટે અધિકૃત વિકાસ સહાય (Official Development Assistance)ને મંજૂરી આપી છે. જેમાં સત્તાવાર વિકાસ સહાય હેઠળના મુખ્ય પ્રોજેક્ટમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) પટના મેટ્રો રેલ બાંધકામ પ્રોજેક્ટ

(B) પશ્ચિમ બંગાળમાં વન અને જૈવવિવિધતા સંરક્ષણ પ્રોજેક્ટ

(C) રાજસ્થાન જળક્ષેત્ર આજીવિકા સુધારણા પ્રોજેક્ટ

(D) કોચી મેટ્રો રેલ બાંધકામ પ્રોજેક્ટ **(D)**

**4.** તાજેતરમાં કયા સ્થળે પ્રથમ ઈન્ટરનેશનલ ક્વોન્ટમ કોમ્યુનિકેશન કોન્ક્લેવ યોજાયો હતો ?

(A) ઈસરો હેડક્વાર્ટર, બેંગ્લોર (B) વિજ્ઞાન ભવન, નવી દિલ્હી

(C) ધોરડો, કચ્છ (D) જોધપુર, રાજસ્થાન **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 01 એપ્રિલ, RBI સ્થાપના દિવસ

- ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ, 1934 અંતર્ગત ભારતમાં આર્થિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે 1 એપ્રિલ, 1935ના રોજ RBI (Reserve Bank of India)ની સ્થાપના કરવામાં આવી હતી.
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ભારતની સેન્ટ્રલ બેંક છે. તથા તે ભારતની તમામ બેંકોનું સંચાલન કરે છે.
- ડો. બાબાસાહેબ આંબડેકરે આપેલા માર્ગદર્શન તથા નિર્દેશક સિદ્ધાંતોના આધારે RBIની સ્થાપના કરવામાં આવી હતી.
- શરૂઆતમાં RBIનું વડુંમથક કોલકાતા ખાતે હતું પરંતુ વર્ષ 1937થી કાયમી ધોરણે મુંબઈ ખાતે વડુંમથક ખસેડવામાં આવ્યું હતું.
- RBI ભારતીય રૂપિયાના ઈશ્યુ અને પૂરવઠાને નિયંત્રિત કરે છે.
- RBIનું સંચાલન 'કેન્દ્રીય સંચાલન બોર્ડ' દ્વારા થાય છે.




| | | |
|---|---|---|
| RBIના પ્રથમ ગવર્નર | : | શ્રી ઓસબોર્ન સ્મિથ |
| RBIના પ્રથમ ભારતીય ગવર્નર | : | શ્રી સી.ડી. દેશમુખ |
| RBIના પ્રથમ ગુજરાતી ગવર્નર | : | શ્રી આઈ.જી. પટેલ |
| વર્તમાન ગવર્નર | : | શ્રી શક્તિકાંત દાસ |

ICE INSTITUTE FOR COMPETITIVE ®

## ચિનાબ રેલવે બ્રિજ (Chenab Bridge)

જમ્મુ અને કાશ્મીરમાં ચિનાબ નદી પરનો વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ ટૂંક સમયમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.



- ચિનાબ બ્રિજ એ ઉધમપુર–શ્રીનગર–બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટ (USBRL)નો ભાગ છે. જે જમ્મુ અને કાશ્મીરને બાકીના ભારત સાથે જોડશે.
- આ પુલ જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં સ્થિત છે.
- તે બક્કલ અને કૌરી વચ્ચે બાંધવામાં આવેલો સ્ટીલ અને કોંક્રિટનો કમાન પુલ છે.

- આ પુલ 1,315 મીટર લાંબો છે અને વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ છે. જે નદીના તટની સપાટીથી 359 મીટર ઊંચો છે.
- આ બ્રિજ ટ્રેનો માટે 100 કિ.મી. પ્રતિ કલાકની ડિઝાઈન સ્પીડ ધરાવે છે અને 120 વર્ષનું આયુષ્ય ધરાવે છે.
- USBRL પ્રોજેક્ટ ડિસેમ્બર 2023 અથવા જાન્યુઆરી 2024 સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.
- નોંધનીય છે કે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ચિનાબ પુલ પર દોડશે અને બડગામમાં વંદે ભારત ટ્રેનો માટે જાળવણી સુવિધા સ્થાપિત કરવામાં આવશે.
- આ બ્રિજના બંને છેડા હાઈ સ્ટ્રેન્થ ફ્રિકશન ગ્રિપ (HSFG) બોલ્ટની મદદથી જોડાયેલા છે. તે 'ગોલ્ડન જોઈન્ટ' તરીકે ચિહ્નિત થયેલ છે.
- આ બ્રિજના નિર્માણમાં ખાસ પ્રકારના પોલાદનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે વિવિધ તાપમાન અને પ્રાકૃતિક આપત્તિનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે.
- નોંધનીય છે કે આ રેલ લિંક પ્રોજેક્ટ 'ઉધમપુર–શ્રીનગર–બારામુલા રેલ લિંક પ્રોજેક્ટ' તરીકે ઓળખાય છે.

## AFINDEX 2023 અને ભારત-આફ્રિકા આર્મી ચીફ્સ કોન્કલેવ



સંયુક્ત લશ્કરી કવાયત 'આફ્રિકા–ભારત ફિલ્ડ ટ્રેનિંગ એક્સરસાઈઝ' (AFINDEX - 2023)ની બીજી આવૃત્તિ તાજેતરમાં મહારાષ્ટ્રમાં સમાપ્ત થઈ હતી.

- આ ઉપરાંત સંરક્ષણ સંબંધોને મજબૂત બનાવવા તથા ભારત અને આફ્રિકન દેશો વચ્ચે બહેતર સૈન્ય–થી–સૈન્ય સહયોગ માટે સંસ્થાકીય માળખું બનાવવાના ઉદ્દેશ્ય સાથે 'ભારત–આફ્રિકા આર્મી ચીફ્સ કોન્ફરન્સ' પૂણેમાં યોજાઈ હતી.
- આ કોન્કલેવની થીમ 'AMRUT' (આફ્રિકા–ભારત સૈન્ય પ્રાદેશિક એકતા) હતી.
- જે ભારત અને આફ્રિકન દેશોની સૈન્ય વચ્ચે પ્રાદેશિક સહકાર અને એકીકરણ પર ભાર મૂકે છે.

### AFINDEX - 2023

ભારત અને આફ્રિકન દેશો વચ્ચેની સંયુક્ત સૈન્ય કવાયત 'આફ્રિકન–ઈન્ડિયા ફિલ્ડ ટ્રેનિંગ એક્સરસાઈઝ' (AFINDEX) તરીકે ઓળખાય છે.

- **AFINDEX સંયુક્ત કવાયતનું ધ્યાન શાંતિ રક્ષા કામગીરી પર છે.**
- **AFINDEX-2023માં ભારત અને 24 આફ્રિકન દેશો સહિત 25 દેશોની ભાગીદારી જોવા મળી હતી.**
- **આ કવાયત ભારત અને આફ્રિકન દેશો વચ્ચેના સંરક્ષણ સંબંધોમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.**

**નોંધ :** (1) ભારત–આફ્રિકા આર્મી ચીફ્સ કોન્ક્લેવ પ્રાદેશિક સહકાર મિકેનિઝમના ભાગરૂપે ભારત અને આફ્રિકન દેશોની સેનાઓ વચ્ચે સુમેળને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે.

(2) આ કોન્ક્લેવમાં સેનાના વરિષ્ઠ અધિકારીઓ, નાગરિક અને સંરક્ષણ અધિકારીઓ, સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ અને જનરલ મનોજ પાંડે સહિત અન્ય લોકોએ હાજરી આપી હતી.



## SATURDAY Questions

**1.** રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?

(A) 1 એપ્રિલ, 1935 (B) 1 એપ્રિલ, 1949 (C) 1 એપ્રિલ, 1952 (D) 1 એપ્રિલ, 1969 — **(A)**

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ચિનાબ રેલવે બ્રિજ' કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલ છે ?

(A) ત્રિપુરા (B) મેઘાલય (C) લદાખ (D) જમ્મુ–કાશ્મીર — **(D)**

**3.** તાજેતરમાં સંયુક્ત લશ્કરી કવાયત 'આફ્રિકા–ભારત ફિલ્ડ ટ્રેનિંગ એક્સરસાઈઝ' (IFINDEX - 2023)ની કેટલામી આવૃત્તિ મહારાષ્ટ્રમાં યોજાઈ હતી ?

(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી — **(B)**

**4.** તાજેતરમાં 'ભારત–આફ્રિકા આર્મી ચીફ્સ કોન્ફરન્સ' કયાં યોજાઈ હતી ?

(A) પૂણે (B) જોધપુર (C) ચેન્નાઈ (D) ઈમ્ફાલ — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત

- **ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી, GoI અને ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી વચ્ચે MoU**

ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી અને ગુજરાત સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગની ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી વચ્ચે આ ગેલેરીની સાયન્સ સિટીમાં સ્થાપના કરવા માટેના MoU મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં સંપન્ન કરવામાં આવ્યા હતા. આ ન્યુક્લિયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ગેલેરીનું નિર્માણ સાયન્સ સિટીના પ્લેનેટ અર્થ પેવેલિયનમાં રૂ.10 કરોડની નાણાકીય સહાયથી હાથ ધરવાનું છે અને તેનું નિર્માણ કાર્ય 12 મહિનામાં પૂર્ણ થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. આ ન્યુક્લિયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ગેલેરીમાં પરમાણુ અને અણુ ઊર્જા ક્ષેત્ર સાથે સંબંધિત અને વિવિધ આધુનિક હાથ ધરાયેલા પ્રદર્શનો દર્શાવવામાં આવશે. આ ઉપરાંત સાયન્સ સિટી પરમાણુ અને અણુ ઊર્જા અને તેના શાંતિપૂર્ણ ઉપયોગો અને ઉપયોગ વિશે સમાજમાં જાગૃતિ લાવવા માટે વિવિધ વર્કશોપ અને કાર્યક્રમો યોજશે. આ હેતુસર ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી (DAE) ટેકનિકલ સહાય પૂરી પાડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

- **ISROએ EOS-06 સેટેલાઈટ દ્વારા કેપ્ચર કરાયેલ ગ્લોબલ અર્થ મોઝેક રિલીઝ કર્યુ**

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ તાજેતરમાં EOS-06 સેટેલાઈટ પર ઓશન કલર મોનિટર (OCM) પેલોડ દ્વારા કેપ્ચર કરેલી ઈમેજોનું ગ્લોબલ ફોલ્સ કલર કમ્પોઝિટ (FCC) મોઝેક બહાર પાડ્યું છે. OCM 13 વિવિધ તરંગ લંબાઈમાં પૃથ્વીને અનુભવે છે. જેથી વૈશ્વિક મહાસાગરો માટે જમીન અને સમુદ્રના બાયોટા પર વૈશ્વિક વનસ્પતિ કવરની માહિતી પૂરી પાડવામાં આવે. નવેમ્બર 2021માં ISRO દ્વારા લોન્ચ કરવામાં આવેલ EOS-06 ઉપગ્રહ ઓશનસેટ શ્રેણીમાં ત્રીજી પેઢી છે અને તે સમુદ્રના રંગ ડેટા, સમુદ્રની સપાટીનું તાપમાન અને આબોહવા તથા હવામાનશાસ્ત્રીય એપ્લિકેશન માટે પવન વેક્ટર ડેટાનું નિરીક્ષણ કરવા માટે ચાર પેલોડ વહન કરે છે.

## ➤ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના

તાજેતરમાં કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) હેઠળ ગેસ સિલિન્ડર દીઠ 200 રૂપિયાની સબસિડીને વધુ એક વર્ષ માટે લંબાવી છે, જેનાથી 9.59 કરોડ લાભાર્થીઓને ફાયદો થશે. સબસિડી લાયક લાભાર્થીઓના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. વિવિધ ભૌગોલિક–રાજકીય પરિબળોને કારણે આંતરરાષ્ટ્રીય લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ–LPGના ભાવમાં તીવ્ર વધારાને ધ્યાનમાં રાખીને સરકારે PMUY લાભાર્થીઓને LPGના ઊંચા ભાવોથી બચાવવાનો નિર્ણય કર્યો છે. PMUY એ ભારતમાં આર્થિક રીતે નબળા પરિવારોને LPG પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે વર્ષ 2016માં ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી એક ફ્લેગશિપ યોજના છે. આ યોજનાનો ઉદ્દેશ્ય સ્વચ્છ રસોઈ બળતણ (LPG) પ્રદાન કરીને મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરવાનો છે.

## ➤ સાગર મંથન ડેશબોર્ડ

તાજેતરમાં કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય (MoPSW) દ્વારા 'સાગર મંથન' ડેશબોર્ડ લોન્ચ કરવામાં આવ્યું હતું. સાગર મંથન ડેશબોર્ડ કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયનું રીઅલ–ટાઈમ પર્ફોમન્સ મોનિટરિંગ ડેશબોર્ડ છે જે તેના પ્રોજેક્ટ્સની પ્રગતિ પર દેખરેખ રાખે છે. મંત્રાલય અને અન્ય પેટાકંપનીઓ સંબંધિત તમામ ડેટા આ નવા ડિજિટલ પ્લેટફોર્મમાં એકીકૃત કરવામાં આવ્યા છે. આ ડેશબોર્ડ ડિજિટલ ઈન્ડિયાના વિઝન તરફ સકારાત્મક પ્રગતિ છે. તે રીઅલ–ટાઈમ પ્રોજેક્ટ ટ્રેકિંગ, રિસ્ક મેનેજમેન્ટ, રિસોર્સ એલોકેશન અને પ્રોગ્રેસ રિપોર્ટિંગને પણ પ્રોત્સાહન આપે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મોરે ઇલની નવી પ્રજાતીઓ

તાજેતરમાં સંશોધકોએ તમિલનાડુના કુડ્ડલોર કિનારાની નજીક મોરે ઈલની નવી પ્રજાતી શોધી કાઢી છે. અને રાજ્યના નામ પરથી તેમનું નામ જિમ્નોથોરેક્સ તમિલનાડુએન્સિસ રાખ્યું છે. જીનસ, જીમનોથોરેક્સનો આ પ્રથમ રેકોર્ડ છે, જે કુડ્ડલોરના દરિયાકાંઠાના પાણીમાં હાથ ધરવામાં આવેલા સંશોધન સર્વેક્ષણ દ્વારા એકત્રિત કરવામાં આવ્યા છે. મોરે ઈલ તમામ ઉષ્ણકટિબંધીય સમુદ્રમાં જોવા મળે છે. તેઓ ખાસ કરીને બે પ્રકારના જડબા ધરાવવા માટે જાણિતા છે : એક મોટા દાતવાળું નિયમિત જડબા અને બીજાને ફેરીન્જિયલ જડબા (જેની મદદથી ઈલ શિકારને પેટમાં ખેંચે છે) કહેવાય છે.

➤ **ભારતીય સૈન્યની આર્મર્ડ રેજિમેન્ટ્સ President's Standardથી સન્માનિત**

તાજેતરમાં રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લામાં સુરતગઢ લશ્કરી સ્ટેશન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ભારતીય સેનાની સશસ્ત્ર રેજિમેન્ટ્સ અથવા આર્મર્ડ રેજિમેન્ટ્સને 'President's Standard' એનાયત કરવામાં આવ્યો હતો. આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ સન્માન આપ્યું હતું. પ્રેસિડેન્ટ માનક એ સર્વોચ્ચ કમાન્ડર દ્વારા લશ્કરી એકમને દેશ પ્રત્યેની તેમની સેવાની માન્યતામાં આપવામાં આવતો સર્વોચ્ચ સન્માન છે.

➤ **વૈદિક હેરિટેજ પોર્ટલ**



ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ (IGNCA)એ તાજેતરમાં વૈદિક હેરિટેજ પોર્ટલ લોન્ચ કર્યુ છે. જે સમગ્ર દેશમાંથી વૈદિક જ્ઞાન અને પરંપરાઓનો ડિજિટલ ભંડાર છે. વૈદિક હેરિટેજ પોર્ટલ એ સંશોધકો અને ભારતના વૈદિક વારસા વિશે માહિતી મેળવવા માંગતા અન્ય લોકો માટે વન–સ્ટોપ સોલ્યુશન છે. તે IGNCAના 36માં સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી શ્રી જી. કિશન રેડ્ડીએ લોન્ચ કર્યુ હતું.

➤ **કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે સંસ્કૃતિ મંત્રાલયની પહેલ**

સંસ્કૃતિ મંત્રાલયે લોકસાહિત્યના કલાકારો સહિત તમામ શૈલીના કલાકારોના રક્ષણ માટે 'કલા અને સંસ્કૃતિના પ્રમોશન માટે શિષ્યવૃત્તિ અને ફેલોશિપ યોજના' શરૂ કરી છે. આ યોજનામાં યુવા કલાકારો, વિવિધ સાંસ્કૃતિક ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ વ્યક્તિત્વો અને સાંસ્કૃતિક સંશોધકોને ટેકો આપવાના હેતુ માટેના ઘટકો છે. જે આ મુજબ છે : (1) વિવિધ સાંસ્કૃતિક ક્ષેત્રોમાં યુવા કલાકારોને શિષ્યવૃત્તિ પુરસ્કાર હેઠળ 18-25 વર્ષની વય જૂથના પસંદ કરેલા લાભાર્થીઓને 2 વર્ષના સમયગાળા માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ઉમેદવારો એ ઓછામાં ઓછા 5 વર્ષ માટે કોઈપણ ગુરુ અથવા સંસ્થા હેઠળ તાલીમ પ્રાપ્ત કરેલ હોવી જોઈએ. (2) વરિષ્ઠ જુનિયર ફેલોશિપ પુરસ્કાર : સાંસ્કૃતિક સંશોધન માટે 40 વર્ષ અને તેથી વધુ વય જૂથના પસંદ કરેલા વિદ્વાનોને 2 વર્ષ માટે વરિષ્ઠ ફેલોશિપ આપવામાં આવે છે. જૂનિયર ફેલોશિપ 25 થી 40 વર્ષની વય જૂથમાં 2 વર્ષના સમયગાળા માટે પસંદ કરેલા ફેલોને આપવામાં આવે છે. (3) સાંસ્કૃતિક સંશોધન માટે ટાગોર નેશનલ ફેલોશિપ એવોર્ડ હેઠળ 4 જૂદા–જૂદા જૂથોમાં ભાગ લેતી વિવિધ સંસ્થાઓ હેઠળ સાંસ્કૃતિક સંશોધન પર કામ કરવા માટે ટાગોર નેશનલ ફેલોશિપ અને ટાગોર રિસર્ચ સ્કોલરશિપ બે શ્રેણીઓ હેઠળ ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **મહારાષ્ટ્ર ગાય સેવા આયોગ બિલ**

મહારાષ્ટ્ર ગાય સેવા આયોગ બિલ તાજેતરમાં મહારાષ્ટ્ર રાજ્યની વિધાનસભામાં પશુઓની જાતિઓને પ્રોત્સાહન અને રક્ષણ આપવાના ઉદ્દેશ્ય સાથે રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલ મહારાષ્ટ્રના મહેસૂલ મંત્રી શ્રી રાધાકૃષ્ણ વિખે પાટીલ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્ર ગાય સેવા આયોગ 25 સભ્યોની સંસ્થા હશે જેમાં પશુપાલન અને અન્ય સરકારી વિભાગોના સભ્યો હશે. તેમા વિવિધ યુનિવર્સિટીઓ અને NGOના સભ્યો પણ હશે. આ કમિશન દેશી ગાય, બળદ અને વાછરડાના રક્ષણ માટે જવાબદાર રહેશે. આ બિલ હેઠળ કમિશન દ્વારા નિર્ધારિત ધોરણોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ પર 10,000 રૂપિયાનો દંડ વસુલવામાં આવશે.

➤ **પ્રથમ અર્બન ક્લાઈમેટ ફિલ્મ ફેસ્ટિવલ**

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્બન એફેર્સ (NIUA), હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રાલય હેઠળની એક કેન્દ્રીય સવાયત સંસ્થા CITIIS પ્રોગ્રામ હેઠળ અર્બન ક્લાઈમેટ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરી રહી છે. આ ફેસ્ટિવલનો ઉદ્દેશ્ય શહેરોના જીવન પર આબોહવા પરિવર્તનની અસર વિશે વ્યાપક જાગૃતિ લાવવાનો અને ટકાઉ શહેરી વિકાસ પરના સંવાદમાં લોકોને સામેલ કરવાનો છે. ફ્રેન્ચ ડેવલપમેન્ટ એજન્સી (AFD) અને યુરોપિયન યુનિયને આ ફેસ્ટિવલ માટે ટેકો પૂરો પાડ્યો હતો. જેને 20થી વધુ દેશોમાંથી ફિલ્મો મળી છે. જ્યુરીએ 27 ફિલ્મોને શોર્ટલિસ્ટ કરી અને 11ને ફેસ્ટિવલમાં દર્શાવવા માટે પસંદ કરવામાં આવી છે. પસંદગીની ફિલ્મો પાંચ શહેરોમાં પ્રદર્શિત કરવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **G20 ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રુપ (TIWG)ની પ્રથમ બેઠક યોજાઈ**




ભારતની G20 અધ્યક્ષતા હેઠળ 28 થી 30 માર્ચ, 2023 દરમિયાન મુંબઈમાં પ્રથમ ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ ગ્રુપ (TIWG) બેઠક યોજાઈ હતી. TIWG બેઠક એ G20 સભ્ય દેશો, આમંત્રિત દેશો અને પ્રાદેશિક જૂથના 100થી વધુ પ્રતિનિધિઓ માટે એક મહત્વપૂર્ણ મંચ છે. આ બેઠકના પ્રથમ દિવસે 'ટ્રેડ ફાઈનાન્સ' પર એક આંતરરાષ્ટ્રીય પરિષદ યોજવામાં આવી હતી. જ્યાં બેંકો, નાણાકીય સંસ્થાઓ, વિકાસ નાણા સંસ્થાઓ અને નિકાસ ક્રેડિટ એજન્સીઓની ટ્રેડ ફાઈનાન્સ ગેપને બંધ કરવામાં ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત કોન્ફરન્સે ડિજિટાઈઝેશન અને ફિનટેક સોલ્યુશન્સ કેવી રીતે ટ્રેડ ફાઈનાન્સની એક્સેસને સુધારી શકે છે.તેના પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. બેઠક દરમિયાન મસાલા, બાજરી, ચા અને કોફી પર અનુભવ વિસ્તારોની વિશાળ શ્રેણી ગોઠવવા આવી હતી.

# વિશ્વ

## ➤ સ્ટેટ ઓફ સ્કૂલ ફીડિંગ વર્લ્ડવાઈડ 2022 રિપોર્ટ

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WEP)ના સ્ટેટ ઓફ સ્કૂલ ફીડિંગ વર્લ્ડવાઈડ 2022ના રિપોર્ટ અનુસાર ઓછી આવક ધરાવતા દેશોમાં શાળાનું ભોજન ખાતા બાળકોની સંખ્યામાં લગભગ 4%નો ઘટાડો થયો છે. જેમાં આફ્રિકામાં સૌથી ગંભીર ઘટાડો જોવા મળ્યો છે. આ વિશ્લેષણ વર્ષ 2020માં 163 દેશોની સરખામણીમાં 176 દેશોના સર્વેક્ષણ ડેટા પર આધારિત છે. અભ્યાસ મુજબ ઉચ્ચ આવક, ઉચ્ચ મધ્યમ આવક અને નિમ્ન મધ્યમ આવકવાળા દેશોએ અનુક્રમે 4%, 4% અને 12%ની સતત સાધારણ વૃદ્ધિ દર્શાવી છે.

## ➤ એરિઝોનામાં પવિત્ર હોપી સ્થળ

એરિઝોના યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્થિત એક સ્થળ અને અમેરિકન રાષ્ટ્રના હોપી મૂળ નાગરિકોના માટે પવિત્ર સ્મારક અને સ્થળને ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યુમેન્ટ્સ એન્ડ સાઈટ્સ ઈન્ટરનેશનલ સાયન્સ કમિટી (ICOMOS ISC) દ્વારા 'વોટર એન્ડ હેરિટેજ શિલ્ડ' એનાયત કરવામાં આવ્યું છે. શિલ્ડનો હેતુ પાણી અને સ્વદેશી પવિત્ર સ્થળોના મહત્વ અને સાંસ્કૃતિક તથા ઐતિહાસિક સ્મૃતિના અધિકાર વિશે વિશ્વભરમાં જનજાગૃતિ વધારવામાં મદદ કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ 450 મેગાવોટ સેતી નદી હાઈડ્રોપાવર પ્રોજેક્ટ



ઈન્વેસ્ટ બોર્ડ નેપાળે NHPC લિમિટેડ એક ભારતીય કંપનીને સૂચિત 450 MW સેતી રિવર-6 હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનો સંભવિત અભ્યાસ કરવાની મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ નેપાળના ડોટી અને અચ્છમ જિલ્લામાં બનાવવામાં આવશે અને તેનો હેતુ દેશને વીજળી પૂરી પાડવાનો છે. નોંધનીય છે કે NHPC લિમિટેડ કંપનીને આ અગાઉ 750 મેગાવોટ વેસ્ટ સેટી હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. બંને પ્રોજેક્ટની કિંમત આશરે 300 અબજ નેપાળી રૂપિયા છે.

➢ **હેઈલ ડ્રોન**

તાજેતરમાં ઉત્તર કોરિયાએ તેના નવા પરમાણુ અન્ડરવોટર ડ્રોનનું અનાવરણ કર્યુ છે. આ પરીક્ષણથી આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ચિંતા વધી છે. હાઈલ અથવા હેઈલ અથવા સુનામી તરીકે ડ્રોનને ઓળખવામાં આવે છે. તે પાણીની અંદર વિસ્ફોટકો દ્વારા મોટા પ્રમાણમાં કિરણોત્સર્ગી તરંગો બનાવવા માટે રચાયેલ છે. આ ડ્રોનને કોઈપણ દરિયા કિનારે અને બંદર પર તૈનાત કરી શકાય છે.

➢ **શ્રી ક્લાઉડ લોરિયસનું નિધન**



અગ્રણી ગ્લેશિયોલોજિસ્ટ ક્લાઉડ લોરિયસનું તાજેતરમાં 91 વર્ષની વયે નિધન થયું છે. તેઓ આબોહવા પરિવર્તન અંગેના તેમના સંશોધન માટે જાણીતા હતા. ખાસ કરીને એન્ટાર્કટિકામાં તેમના કામ જેણે સાબિત કર્યુ કે ગ્લોબલ વોર્મિંગ માટે મનુષ્ય જવાબદાર છે. તેમનો જન્મ ફ્રાન્સના બેસનકોનમાં થયો હતો. બરફમાં ફસાયેલા હવાના પરપોટા અંગે લોરિયસનું સંશોધન વર્ષ 1987માં પ્રકાશિત થયું હતું. તે દર્શાવે છે કે લાંબા સમય સુધી કાર્બન ડાયોક્સાઈડના સ્તરમાં થોડો ફેરફાર થયો હતો. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ પછી તાપમાનમાં વધારો થતા ગ્રીનહાઉસ ગેસની સાંદ્રતા અવકાશને સ્પર્શી ગઈ હતી. તેમના સંશોધનથી તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતી મળી અને વૈજ્ઞાનિકોને 160,000 વર્ષથી વધુ સમયના હિમનદી રેકોર્ડની તપાસ કરવાની મંજૂરી આપી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➢ **અર્થ અવર**

અર્થ અવર એ વ્યક્તિઓ, સમુદાયો અને વ્યવસાયોને એક કલાક માટે બિન–આવશ્યક ઈલેક્ટ્રિક લાઈટ બંધ કરવા પ્રોત્સાહિત કરવા માટેનું વિશ્વવ્યાપી ચળવળ છે. તે પૃથ્વી ગ્રહ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાના પ્રતીક તરીકે માર્ચ મહિનાના છેલ્લા શનિવારે યોજાય છે. અર્થ અવર એ વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ ફોર નેચર (WWF)ની વાર્ષિક પહેલ છે, જે વર્ષ 2007માં શરૂ થઈ હતી. તે 180થી વધુ દેશોના લોકોને સ્થાનિક સમય મુજબ રાત્રે 8:30 થી 9:30 વાગ્યા સુધી તેમની લાઈટ બંધ કરવા પ્રોત્સાહિત કરે છે.

1. વૈકોમ સત્યાગ્રહ એ એક અહિંસક વિરોધ હતો જે 30 માર્ચ 1924થી 23 નવેમ્બર 1925 સુધી _____ રાજ્યમાં થયો હતો. – ત્રાવણકોર
2. તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે પ્રોજેક્ટ હિમશક્તિ હેઠળ કઈ સંસ્થા સાથે કરાર કર્યો છે ? – BEL
3. કયા રાજ્યમાં 'સહકાર સમૃદ્ધિ સૌદ્ધા'નું નિર્માણ કરવામાં આવશે ? – કર્ણાટક
4. તાજેતરમાં કઈ સંસ્થાએ 'ટેક્નોલોજી એન્ડ ઈનોવેશન રિપોર્ટ 2023' બહાર પાડ્યો છે ? – UNCTAD
5. તાજેતરમાં કઈ સંસ્થાએ 'ટ્રિપલ થ્રેટ રિપોર્ટ' બહાર પાડ્યો છે ? – યુનિસેફ
6. કયા દેશે યુએસ સાથે મળીને 'એગ્રીકલ્ચર ઈનોવેશન મિશન ફોર ક્લાઈમેટ (AIM4C)'ની શરૂઆત કરી છે ? – સંયુક્ત આરબ અમીરાત
7. કયા રાજ્યએ 'મીડિયા પર્સનલ પ્રોટેક્શન બિલ 2023' પસાર કર્યું છે ? – છત્તીસગઢ
8. કેન્દ્રીય બંદરો, શિપિંગ, જળમાર્ગ મંત્રીએ કયા વર્ષ સુધીમાં ભારતને ગ્રીન શિપ બિલ્ડીંગ માટે વૈશ્વિક હબ બનાવવાના ઉદ્દેશ્ય સાથે ગ્રીન ટગ ટ્રાન્ઝિક્શન શરૂ કરવાની જાહેરાત કરી છે ? – 2030
9. તાજેતરમાં ભારતે ઉત્તરાખંડના _____ ખાતે સૌથી મોટા ઈન્ટરનેશનલ લિક્વિડ મિરર ટેલિસ્કોપ (ILMT)નું ઉદ્‌ઘાટન કર્યું હતું. – દેવસ્થળ
10. તાજેતરમાં ચર્ચામાં રહેલ લેક નેટ્રોન એ _____ દેશમાં અરુશા ક્ષેત્રમાં સ્થિત એક આકર્ષક કુદરતી અજાયબી છે. – તાન્ઝાનિયા
11. ભારતીય નૌકાદળની પ્રથમ તાલીમ સ્ક્વોડ્રન કયાં આવેલી છે ? – કોચી
12. તાજેતરમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરે ભારતમાં નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પાક વીમા પોર્ટલના ડિજિટલ ક્લેમ સેટલમેન્ટ મોડ્યુલ 'ડિજિક્લેમ' લોન્ચ કર્યું છે. આ મોડ્યુલ _____ ના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. – પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY)
13. BARC B1201 ભારતની પ્રથમ બોક્સાઈટ પ્રમાણિત સંદર્ભ સામગ્રી (CRM) BARC અને કઈ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવી હતી ? – નાલ્કો
14. ભગવાન બસવેશ્વર 12મી સદીના વિદ્વાન હતા. તેઓ કયા રાજ્ય સાથે સંબંધિત છે ? – કર્ણાટક
15. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'મિશન એરીકોમ્બન' કયા પ્રાણીને પકડવા સંબંધિત છે ? – હાથી
16. કયું શહેર 'પ્રથમ G20 ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રૂપ' (TIWG) મીટિંગ'નું યજમાન છે ? – મુંબઈ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. ભારતની પ્રથમ ક્લોન થયેલ દેશી ગીર માદા વાછરડીનું નામ શું છે ? – ગંગા
(નેશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, કરનાલ દ્વારા તાજેતરમાં ભારતની પ્રથમ ક્લોન કરેલી દેશી ગીર માદા વાછરડીનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. તે દરરોજ 15 લિટરથી વધુ દૂધ ઉત્પન્ન કરી શકે છે.)

18. તાજેતરમાં દક્ષિણ આફ્રિકાએ કોની સામે T20માં 259 રનનો હાઈસ્કોરિંગ લક્ષ્ય પાર કરીને જીત મેળવી હતી ? – વેસ્ટઈન્ડિઝ

19. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'અંજી ખાડ' બ્રિજ કયા સ્થળે સ્થિત છે ? – જમ્મુ–કાશ્મીર
(ભારતનો પ્રથમ કેબલ–સ્ટેડ બ્રિજ, અંજી ખાડ બ્રિજ મે 2023 સુધીમાં કાર્યરત થવાની સંભાવના છે. તથા આ પુલ પ્રથમ વખત જમ્મુ–કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશને બાકીના ભારત સાથે ટ્રેન દ્વારા જોડવાની અપેક્ષા છે.)

20. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'SWAMIH FUND' કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંકળાયેલ છે ? – નાણા મંત્રાલય

21. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં G20ની થીમ પર બાળ મેળો યોજાયો હતો ? – વડોદરા

22. તાજેતરમાં મહર્ષિ દયાનંદ સરસ્વતિની કેટલામી જન્મજયંતિનો પ્રારંભ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હીથી કરાવ્યો હતો ? – 200મી

23. તાજેતરમાં શ્રી અમિતભાઈ શાહએ ગુજરાતના કયા કયા શહેરોમાં નશામુક્તિ કેન્દ્રનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો હતો ? – વડોદરા, જામનગર, મહેસાણા

24. કયા દિવસના રોજ 'આંતરરાષ્ટ્રીય શૂન્ય કચરો દિવસ' (International Day of Zero Wastes) ઉજવવામાં આવે છે ? – 30 માર્ચ

25. તાજેતરમાં ચર્ચામાં રહેલ માહિત કિલો કયા સ્થળે સ્થિત છે ? – મુંબઈ

26. તાજેતરમાં કયા દેશે જાહેરાત કરી હતી કે તે યુક્રેનને ચેલેન્જર 2 ટેન્ક આપશે ? – યુનાઈટેડ કિંગ્ડમ

27. કયું કેન્દ્રીય મંત્રાલય 'સંસદ આદર્શ ગ્રામ યોજના' લાગુ કરે છે ? – ગ્રામીણ વિકાસ મંત્રાલય
(આ યોજનાના અમલીકરણ માટેની કાર્યકારી માર્ગદર્શિકા તાજેતરમાં જાહેર કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામીણ ભારતના વિકાસને પ્રોત્સાહન આપવા માટે સંસદ આદર્શગ્રામ યોજના શરૂ કરવામાં આવી હતી.)

28. કઈ યોજના હેઠળ રાષ્ટ્રવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ અમલમાં છે ? – રાષ્ટ્રીય ગોકુલ મિશન

29. તાજેતરમાં સમાચારમાં રહેલ 'કેપ્ટિવ એમ્પ્લોયમેન્ટ ઈનિશિયેટિવ' કઈ યોજના હેઠળ શરૂ કરવામાં આવી હતી ? – દીન દયાલ ઉપાધ્યાય કૌશલ યોજના

30. તાજેતરમાં _____ ને SCOમાં સંવાદ ભાગીદાર તરીકે જોડાવા માટે મંજૂરી આપવામાં આવી છે. – સાઉદી અરેબિયા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

31. તાજેતરમાં કર્ણાટકના કયા સ્થળે સદાકાળ ગુજરાત કાર્યક્રમ યોજાયો હતો ? – બેંગ્લોર

32. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળે 'નેશનલ કોન્ફરન્સ ઓન ડ્રોન ટેકનોલોજી'નો પ્રારંભ કરાવ્યો હતો ? – અમદાવાદ

33. ભારતે તાજેતરમાં કયા યુરોપિયન દેશ સાથે 'રક્ષા સહકાર કરાર' પર હસ્તાક્ષર કર્યા છે ? – રોમાનિયા

34. તાજેતરમાં કયા સ્થળે 'સ્પેસ સિસ્ટમ ડિઝાઈન' લેબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? –અમદાવાદ

35. કયા રાજ્યએ તાજેતરમાં 'લેક ડેવલપમેન્ટ પ્રોગ્રામ' બહાર પાડ્યો છે ? – તેલંગાણા



## નકશા નં - 10

**વિશ્વ** | **SAARC દેશો**




- પૂરું નામ : **South Asian Association for Regional Cooperation** (દક્ષિણ એશિયાઈ ક્ષેત્રીય સહયોગ સંગઠન)
- સાર્ક એ દક્ષિણ એશિયામાં આવેલા 8 દેશોનું સંગઠન છે.
- આર્થિક અને ભૂ–રાજકીય સહયોગના ઉદ્દેશથી 7 ડિસેમ્બર, 1985ના રોજ આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- વડું મથક : કાઠમંડુ (નેપાળ)
- સભ્ય દેશ : ભારત, બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન, શ્રીલંકા, માલદિવ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન


તલાટી-જુ.કલાર્ક, TET 1 & 2
INSTITUTE FOR COMPETITIVE EXAMS
AVATAR કરંટ અફેર્સ
છેલ્લા 6 મહિનાના
200 MCQ
LIVE આજે રાત્રે 09:00 વાગ્યે
HARSHIT SIR


આવનારી જુ.કલાર્ક-તલાટી, TET 1 & 2 માટે અત્યંત ઉપયોગી
INSTITUTE FOR COMPETITIVE EXAMS
ભારત અને ગુજરાતના
વર્તમાન
પદાધિકારીશ્રીઓ

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

**SOCIAL MEDIA ICON પર CLICK કરો**

JOIN OUR WHATSAPP GROUP

joinicerajkot.com

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YOUTUBE

ICE RAJKOT

INSTAGRAM

ICE RAJKOT

FACEBOOK

ICE RAJKOT

TWITTER

ICE RAJKOT